જુલાઈ ૨૦૨૬


# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



અનંત અવતારથી 'અમે' પૂર્ણ પુરુષોત્તમ ખોળતા હતા, તે આ અવતારમાં 'અમારા' જ દેહમાં પ્રગટ થયા !
જેમને ગર્વ નથી, ગારવતા નથી, સ્પૃહા નથી, પોતાપણું નથી. જેમને કોઈ પણ જાતની ભીખ નથી.

## અડાલજ : PMHT શિબિર : તા.૨૦ થી ૨૪ મે ૨૦૨૬



સત્સંગ - જ્ઞાનવિધિ

નાટક

## અડાલજ : હિન્દી શિબિર : તા.૩ થી ૭ જૂન ૨૦૨૬



સત્સંગ - જ્ઞાનવિધિ

પુસ્તક વિમોચન

નવી મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા

દર્શન

ગરબા

વર્ષ : ૩૧, અંક : ૧૧
સળંગ અંક : ૩૭૧
જુલાઈ ૨૦૨૬
પાનાં : ૩૨

Editor : Dimple Mehta
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
Amba Multiprint
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન : 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી અંગે ફરિયાદ માટે
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
ભારત : ૨૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## એવા પ્યૉર જ્ઞાની પુરુષનો ભેટો થતા મુક્તિ

### સંપાદકીય

અનંત જન્મોથી જીવને મુક્તિની ઝંખના છે, તે પામવા અનેક ચઢાવ-ઉતાર સામે પ્રયત્નશીલ છે પરંતુ ઈચ્છિત પરિણામ આવતા કોણ અટકાવે છે ? આત્મસાધના કરતા કરતા સાધક પોતે જે દોષોથી બંધાયેલો છે એ દોષો પોતાની દૃષ્ટિમાં આવતા નથી, તેથી નિરંતર દોષોને પોષણ આપી પોતે પોતાને જ બાધક બની મોક્ષમાર્ગથી અળગો રહે છે. ફક્ત કો'ક કાળે પ્રગટેલા જ્ઞાની પુરુષ જેમણે સંપૂર્ણ મોક્ષમાર્ગને જોયો, જાણ્યો, અનુભવ્યો છે અને તે માર્ગને પૂરો કર્યો, તેથી તે માર્ગમાં આવતા બાધક દોષોને અને તેના જોખમો ઓળખીને કેવી રીતે નિર્મૂલન કરી શકાય તેવું અક્રમ વિજ્ઞાન આપી શકે છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું, 'જ્ઞાની પુરુષ' કોણ, કે જે નિશદિન આત્માના જ ઉપયોગમાં રહે. એનો એક જ શબ્દ સાંભળવામાં આવે તો જીવ મોક્ષે ચાલ્યો જાય. કારણ કે એ વચનબળ સહિત છે. જેમને સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, ગર્વ નથી, ગારવતા નથી, પોતાપણું નથી ! વર્લ્ડમાં જેને માનની, કીર્તિની, લક્ષ્મીની, વિષયની, કોઈ જાતની પણ ભીખ નથી તેણે આત્મા અનુભવ્યો કહેવાય. એવા પ્યૉર જ્ઞાની પુરુષનો ભેટો થાય તો મુક્તિ થાય.

પ્રસ્તુત અંકમાં સાધકને મોક્ષમાર્ગમાં ઊભા થતા બાધક કારણો જેવા કે કર્તાપણાનો અહંકાર, ગર્વરસ, ગારવતા, પોતાપણું, જાણપણાના કેફ સામે જાગૃત કરે છે. દાદાશ્રી કહે છે કે મોટામાં મોટો ગર્વરસ એટલે 'હું જાણું છું, હું સમજું છું.' જાણ્યું એનું નામ કે દેહાધ્યાસ જાય. આ તો દેહાધ્યાસ ગયો નથી ને તેનો 'કેફ' રહે, તે શી દશા થાય ? આ 'જ્ઞાન' પછી જો કદી કેફ ચઢે તો કેટલું ઊંધું સમજ્યો કહેવાય ! આ દોષ તો બે પાંદડે જ ઉખેડી નાખવો, નહીં તો આ જાણપણાની મીઠાશ પોતે જેટલા પગથિયા ચડયા હોય ત્યાંથી ઉતારી પાડે અને મોક્ષ હઉ ભૂલાડી દે.

અક્રમ માર્ગમાં ઉપદેશક થવા જનારાને જ્ઞાની પુરુષ લાલબત્તી ધરે છે, કે પૂર્ણાહુતિ કરવી હોય તો કષાયો ક્ષય થયા વગર ઉપદેશમાં પડવું એ જોખમ છે. જે જ્ઞાની પુરુષની આધીનતા છોડાવી સ્વચ્છંદે ચડાવી કૃપાથી મળેલ મોક્ષમાર્ગ ચૂકાવી દે. આપણે તો ગુપ્તવેશે ચાલી નીકળવાનું છે. પૂજાવાની કામના રહિત, ઠેઠ સુધી જ્ઞાની પુરુષને આધીન રહીને પ્રગતિ સાધવાની છે.

પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે પૂર્ણાહુતિ કરવી છે કે અધૂરું રાખવું છે ? પૂરું કરવું હોય તો કોઈ કંઈ પૂછે તો કોઈ જગ્યાએ કાચા ના પડશો. હજુ તો પોતાની પર પોતાને પક્ષપાત છે એટલે મૂર્છિત કર્યા વગર રહે નહીં. માટે જ્ઞાની પુરુષની વાણી આરાધન કરવાથી ઉત્પન્ન થતી જાગૃતિથી સ્વરૂપમાં સ્થિર થઈ, પ્રકૃતિમાં ઊભા થતા બાધક દોષોની સામે ચેતીને ક્યાંય લપસ્યા વગર જ્ઞાનની સમજણ મજબૂત કરીને જ્ઞાનીના આશ્રયે સેફસાઈડ કરી મોક્ષમાર્ગની પૂર્ણાહુતિ કરી લેવા જેવી છે.

**જય સચ્ચિદાનંદ.**

# એવા પ્યૉર જ્ઞાની પુરુષનો ભેટો થતા મુક્તિ

## (સૂત્ર - ૧)

**અનંત અવતારથી 'અમે' પૂર્ણ પુરુષોત્તમ ખોળતા હતા, તે આ અવતારમાં 'અમારા' જ દેહમાં પ્રગટ થયા !**

**પ્રશ્નકર્તા :** કૃપાળુદેવ એને (અંદરવાળા આત્માને) 'પુરાણ પુરુષ' કેમ કહે છે ?

**દાદાશ્રી :** મૂળ પુરુષને બદલે પુરાણ પુરુષ કહે છે. આપણે મૂળ પુરુષ કહીએ છીએ ને એ જ પુરાણ પુરુષ.

અનંત અવતારથી 'અમે' પૂર્ણ પુરુષોત્તમ ખોળતા હતા, તે આ અવતારમાં 'અમારા' જ દેહમાં પ્રગટ થયા ! જેને ગર્વ નથી, ગારવતા નથી, સ્પૃહા નથી, પોતાપણું નથી. આ દેહે પોતાપણું ના હોય કે હું કહું છું ને મારું કેમ સાંભળતા નથી !

**પ્રશ્નકર્તા :** પોતે એક સેકન્ડ પણ પુરુષ થાય તો બહુ થઈ ગયું.

**દાદાશ્રી :** એક સેકન્ડ પણ કોઈ પુરુષ (આત્મા) થયો નથી. પેલા આ આનંદઘનજી મહારાજ જેવાએ શું કહ્યું ? 'હે અજિતનાથ ભગવાન ! તમે તો ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ જીત્યા એટલે પુરુષ કહેવાયા, પણ એ લોકોએ મને જીતી લીધો, હું પુરુષ કેમ કહેવાઉં ?' ત્યારે પુરુષ શી રીતે થાય તે ? એક સેકન્ડ પુરુષ થઈ જાય ને, તો પરમાત્મા થઈ ગયો !

ભેદવિજ્ઞાનથી પુરુષ અને પ્રકૃતિ બે જુદી પડી જાય છે. આત્મા જુદો પડ્યા પછી પુરુષાર્થ રહ્યો. જ્યાં સુધી દેહાધ્યાસ હતો, ત્યાં સુધી પુરુષાર્થ ખુલ્લો થયો ન હતો. પુરુષાર્થ તો, પુરુષ અને પ્રકૃતિ બે જુદા પડ્યા પછી પુરુષાર્થ શરૂ થાય. તે પુરુષાર્થ થતા થતા પુરુષોત્તમ થાય ! પુરુષમાંથી પુરુષોત્તમ થાય. પુરુષોત્તમ યોગ ઉત્પન્ન થાય. તે પુરુષાર્થ શો કરવાનો છે ? 'મેરે કો કુછ અડે નહીં', 'યે હમારા નહીં', 'મારું નહીં' કહેતાની સાથે ના ચોંટે.

પુરુષ થયા પછી છે તે આ આજ્ઞા પાળે એટલે પુરુષોત્તમ થઈને ઊભો રહે. એ છેલ્લી દશા પુરુષોત્તમ ! પુરાણ પુરુષ પુરુષોત્તમ ભગવાન કહેવાય.

## (સૂત્ર - ૨)

**શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું, 'જ્ઞાની પુરુષ' કોણ ? જેને કિંચિત્‌માત્ર કોઈ પણ પ્રકારની સ્પૃહા નથી, દુનિયામાં કોઈ પ્રકારની ભીખ જેને નથી, ઉપદેશ આપવાનીયે જેને ભીખ નથી કે શિષ્યોનીયે ભીખ નથી, કોઈને સુધારવાનીયે ભીખ નથી, કોઈ પણ જાતનો ગર્વ નથી, ગારવતા નથી, પોતાપણું નથી એ.**

કૃપાળુદેવે તો શું કહ્યું, કે સત્ પુરુષ એ જ, કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે. એટલે નિરંતર કાયમને માટે ઉપયોગ ચૂકે નહીં, એક સેકન્ડેય ચૂકે નહીં, એનું નામ સત્ પુરુષ કહેવાય. પછી શાસ્ત્રમાં નથી, સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે એવી જેની વાણી છે. જેની વાણી નવું શાસ્ત્ર લખાય એવી હોય. એનો એક જ શબ્દ સાંભળવામાં આવે તો મોક્ષે ચાલ્યો જાય. કારણ કે એ વચનબળ સહિત છે. અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો એવા બધા અનંત ગુણો છે ! ત્યાં સત્ પુરુષ છે.

કૃપાળુદેવે એટલે સુધી લખ્યું ને, કે

'સંસાર કેવળ અશાતામય છે. એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વસમાધિ તેનું

સત્ પુરુષ જ કારણ છે. આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, પોતાપણું નથી, જેને ગર્વ નથી, ગારવતા નથી, સ્પૃહા નથી કોઈ પણ જાતની, ભીખ નથી કોઈ જાતની. માનની, કીર્તિની, લક્ષ્મીની, વિષયની જેને વર્લ્ડમાં સહેજ પણ ભીખ નથી. વર્લ્ડમાં કોઈ ચીજ જેને ખપતી નથી, એને ભગવાન વશ ના થાય તો બીજું કોણ વશ થાય ? એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્ પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.'

**પ્રશ્નકર્તા :** એ સ્પૃહા નથી કહ્યું, એટલે કઈ રીતની ?

**દાદાશ્રી :** 'જ્ઞાની પુરુષ' કેવા હોય ? તમારા આત્મા સંબંધી સ્પૃહાવાળા હોય અને બહાર તમારું જે ભૌતિકમાં છે તેના નિસ્પૃહી. ભૌતિકમાં કોઈ ચીજ જોઈતી ના હોય, અને એના આત્માનું કેમ કલ્યાણ થાય એટલી જ સ્પૃહા હોય. હા, સંપૂર્ણ નિસ્પૃહ નથી. એટલે અમે 'જ્ઞાની પુરુષ' નિસ્પૃહ-સસ્પૃહ છીએ. એટલે શું ? આ કાંઠોય અમારો ન્હોય અને આ બીજો કાંઠોય અમારો ન્હોય. અમે તારા પુદ્ગલમાં નિસ્પૃહ છીએ અને તારા આત્માને માટે સસ્પૃહ છીએ. એટલે તું અમને ગાળો ભાંડે તોય અમે તારી જોડે સ્પૃહા રાખીએ. એનું કારણ શું ? તારા આત્માને માટે સસ્પૃહ છીએ. એ વાંકું કરે ને, એ અપમાન કરે ને, તોય અમે એને માટે રક્ષણ મૂકીએ, બિચારાને ! તમને સમજાયું ને ?

### (સૂત્ર - ૩)

**અજ્ઞાની તો કલેક્ટર થઈ જાય તો ઉન્મત્ત થઈ જાય. 'જ્ઞાની પુરુષ'ને આખા બ્રહ્માંડના સામ્રાજ્યની સત્તા છે છતાં સહેજ પણ ઉન્મત્ત નથી.**

પછી બીજો કયો ગુણ ?

**પ્રશ્નકર્તા :** ઉન્મત્તતા નથી.

**દાદાશ્રી :** હા. ઉન્મત્તતા એટલે શું, આપને સમજાય છે ? હું તમને તમારી ભાષામાં દેખાડી દઉં.

આ લોકો અહંકાર તો કેવો કરે તે ? અહીંથી આમ જતો હોય ને, ત્યારે સીધો સ્ટ્રેઈટ ફૉરવર્ડની રીતે જતો હોય, આમ સાહજિક રીતે પદ્ધતિસર ચાલતા હોય. અને પાછો આવતો હોય, તે ઘડીએ આપણે જાણીએ કે આ આનામાં કેમ ફેરફાર થઈ ગયેલો લાગે છે ? ફેસ (ચહેરો) બદલાયેલો લાગે આપણને. પાછો આવતો હોય ત્યારે રોફભેર આવતો હોય. એટલે આપણે જાણીએ કે આ કંઈ ફેરફાર થયો છે કંઈક, આને ઈફેક્ટ છે કંઈ.

એટલે એને આપણે કહીએ, કે 'આવો, આવો, જરા ચા પીને જાવ.' આપણે પેલું તપાસ કરવા માટે ચા પાઈએ છીએ, એમના રોફ સારુ નથી પાતા. ત્યારે એ જાણે કે એના રોફને લીધે ચા પાય છે. આપણે ચા-પાણી પાઈને પછી પૂછીએ, કે 'કઈ બાજુ ગયા હતા ?' ત્યારે એ કહે, 'પેલા પાંચ હજાર રૂપિયા લેવાના હતા ને, તે લાવ્યો.'

ગજવામાં પાંચ હજાર આવ્યા, તે પાછું આ ચઢ્યું ! ઉન્મત્ત થઈ જાય. એને રોગ પેઠો છે આ, ઉન્મત્તતાનો રોગ ! એટલે એ રીંગણું થઈ ગયું પાછું ટાઈટ (કડક) ! નહીં તો 'આમ' (ઢીલું) થઈ જાય રીંગણું.

બોલો હવે, એ પાંચ હજાર જો માણસને ટાઈટ કરતું હોય, માણસ ઉન્મત્ત થઈ જાય, તો અમને તો, 'જ્ઞાની પુરુષ'ને તો આખા ભગવાન જ વશ થઈ ગયેલા છે ! બોલો, અમારે ટાઈટ કેટલું બધું હોય ! પણ તોય ઉન્મત્તતા નથી જરાય. એ અજાયબી જ છે ને ! પાંચ હજાર જો આટલું ટાઈટ કરતા હોય, તો ભગવાન - આખો ત્રણ લોકનો નાથ, જેને વશ થતો હોય તે કેવા ટાઈટ હોય ! પણ ના, ખરી લઘુતા ત્યાં જ હોય ! અમે તો નાના બાળક જેવા હોઈએ.

## (સૂત્ર - ૪)

**એ પોતાપણું છે ત્યાં સુધી જ ભેદ છે અને ત્યાં સુધી જ ભગવાન છેટા છે. પોતાપણું છોડ્યું કે ભગવાન તમારી પાસે જ છે.**

પછી ત્રીજું કયું વાક્ય લખે છે ?

**પ્રશ્નકર્તા :** પોતાપણું નથી.

**દાદાશ્રી :** પોતાપણું એટલે હું છું ને આ મારું છે ! પોતાપણું નથી એટલે આ શરીર એ પોતાનું છે જ નહીં. આ શરીર જ મારું નથી એટલે શરીરને લગતી બધી વસ્તુઓ મારી છે જ નહીં. આ મન મારું નથી, આ વાણી મારી નથી. આ જે બોલે છે ને, તેય મારી વાણી નથી. આ ઑરિજિનલ ટેપરેકર્ડ બોલે છે. એ વક્તા છે, તમે શ્રોતા છો ને હું જ્ઞાતા-દ્રષ્ટા છું. આ આપણા ત્રણનો વ્યવહાર છે. વાણીના અમે માલિક નથી, આ શરીરના અમે માલિક નથી, આ મનના અમે માલિક નથી.

પોતાપણું રહિતના શું લક્ષણ હોય ? પોતાપણું ના હોય એટલે શું ? સત્ પુરુષને એમ કહો કે 'આજે મુંબઈ ચાલો.' ત્યારે 'ના' એવું એ ના બોલે. લોકો એમને મુંબઈ લઈ જાય તો એ પોટલાની પેઠ જાય અને પોટલાની પેઠ અમદાવાદ આવે. એટલે એમને પોતાપણું નથી. કોઈ ગાળો દે તોય સ્વીકાર કરી લે, કોઈ માર મારે તોયે સ્વીકાર કરી લે. અહંકારના પક્ષમાં બેસવું એ પોતાપણું કહેવાય. અજ્ઞાનતાના પક્ષમાં બેસવું એ પોતાપણું કહેવાય. ઉપયોગ ચૂક્યા એ પોતાપણું કહેવાય. તમે કહો છો કે 'મહીં જે આવે છે તેમાં ભળી જવાય છે, તન્મયાકાર થઈ જવાય છે, ને પછી ખબર પડે છે.' એ પોતાપણાને લીધે ભળી જવાય છે.

એ પોતાપણું છે ત્યાં સુધી જ ભેદ છે અને ત્યાં સુધી જ ભગવાન છેટા છે. પોતાપણું છોડ્યું કે ભગવાન તમારી પાસે જ છે. છોડી દો ને, તદ્દન સહેલું ! પોતાપણું છોડ્યું તો ભગવાન જ ચલાવી લેશે તમારું. તમારે કશું કરવાનું ના હોય, તમે પોતાપણું છોડી દો તો.

## (સૂત્ર - ૫)

**'જ્ઞાની પુરુષ'ને પેલી ડખલ ના રહે. 'પોતે' ખસી જાય તો 'અંતઃકરણ'થી 'આત્મા' જુદો જ છે.'જ્ઞાની પુરુષ'ને પોતાપણું ના હોય.**

**પ્રશ્નકર્તા :** આપ્તસૂત્રમાં વાક્ય છે, કે

"જ્ઞાનીનું અંતઃકરણ કેવી રીતે કામ કરતું હશે ? 'પોતે' ખસી જાય તો અંતઃકરણથી આત્મા જુદો જ છે." એ સમજાવો.

**દાદાશ્રી :** એ અંતઃકરણ એક બાજુ સંસાર કાર્ય કરે અને એક બાજુ આત્મા આત્માનું કાર્ય કરે. 'જ્ઞાની'ને ડખોડખલ હોય નહીં.

અંતઃકરણ કોને કહેવાય ? જેમાંથી કર્તાભાવ ઉત્પન્ન થાય છે, 'હું કંઈક કરું છું' એ ભાવ ઉત્પન્ન થાય છે. એ અંતઃકરણથી 'જ્ઞાની' જુદા હોય. આ 'જ્ઞાન' આપ્યું એટલે તમારે 'રિયલી' કર્તાભાવ રહ્યો નથી, પણ 'રિલેટિવલી' કર્તાભાવ રહ્યો છે. એટલે કે 'ડિસ્ચાર્જ' કર્તાભાવ રહ્યો છે. પણ તમારે હજુ મહીં સહેજ ડખલ રહે છે અને 'જ્ઞાની પુરુષ'ને પેલી ડખલ ના રહે. 'પોતે' ખસી જાય તો 'અંતઃકરણ'થી 'આત્મા' જુદો જ છે. આ 'અંતઃકરણ'માં 'પોતે' રહેલો છે. એ 'પોતે' ખસી જાય.

**પ્રશ્નકર્તા :** એ પોતાપણું કોણ બજાવે છે ?

**દાદાશ્રી :** એ જ, મૂળ હતો તેનો તે જ. હજુ એ સીટ છોડતો નથી. સત્તા ઊડી ગઈ, પણ 'એ' સીટ છોડતો નથી. એટલે ધીમે ધીમે એ 'આપણે' છોડાવી દેવાની. 'એને' સત્તા ઊડી ગયેલી છે,

એટલે વાંધો નહીં. પણ આ સીટ છોડવી સહેલી નથી. પોતાપણું છૂટવું સહેલું નથી. પોતાપણું તમને સમજાયું કે ના સમજાયું ? જે ડિસ્ચાર્જ થયેલો છે, પણ એમાં પોતાપણાના મહીં એવા ભાવ વર્ત્યા કરે છે. નરી ઈફેક્ટ જ છે. સત્તા ગઈ છે, સત્તા તો આખી ચાલી ગઈ છે, પણ પેલું મૂળ સ્વરૂપ જતું નથી. એ ધીમે ધીમે મૂળ જાય, તદ્દન જાય નહીં ને !

અમને પોતાપણું ના હોય. એટલે એવું થવાનું છે તમારેય. આ 'જ્ઞાન' પછી 'એની' સત્તા જતી રહી છે, એટલે જ્યારે ત્યારે એવું જ થશે. પણ આ શું થયા છે એ જાણવું જોઈએ. 'હું'પણું ગયું છે, સત્તા ગઈ છે. સત્તા ગઈ એટલે ખલાસ થઈ ગયું. પણ 'પોતે' રહ્યો છે.

**(સૂત્ર - ૬)**

**પોતાપણું જવું એટલે શું ? આપણો અવાજ ના હોય એમાં.**

મૂળ અહંકાર જતો રહ્યો, ચાર્જ અહંકાર જતો રહ્યો. એને જ અહંકાર કહેવામાં આવે છે. પણ પેલો ડિસ્ચાર્જ અહંકાર જવો એ લાડવા ખાવાના ખેલ નથી. અહંકાર જતો રહ્યો, એને શું કહેવાય ? ગર્વ નહીં, ગારવતા નહીં, પોતાપણું નહીં. એ બધું ના જવું જોઈએ ? આ 'જ્ઞાન' પછી અહંકાર તો જતો જ રહ્યો છે, તે ચાર્જ અહંકાર જતો રહ્યો. પછી રહ્યો કયો અહંકાર ? ડિસ્ચાર્જ. એ જેટલા અનુભવ પ્રમાણ થાય એટલો ડિસ્ચાર્જ અહંકાર ઓછો થાય, ને ત્યાર પછી પોતાપણું ધીમે ધીમે ઘટે. એમ ને એમ ઘટે નહીં. આ લાડવા ખાવાના ખેલ નથી.

કેટલાક તો એમ જ જાણે કે 'આપણને પોતાપણું છે જ નહીં ને ! આપણને મારાપણું છે જ નહીં ને, હવે !' અને આમ કષાયમાં વર્તતો હોય. લે ! વર્તતો હોય કષાયમાં અને કહે છે, 'મારે પોતાપણું નથી રહ્યું હવે.' પોતાપણા ઉપર તો જીવે છે એ. એ જીવે છે જ પોતાપણા ઉપર. એ પોતાપણું તો એમનું જાય નહીં. પોતાપણું જવું એ તો મહા મહા મુશ્કેલ !

પોતાપણું જવું એટલે શું ? આપણો અવાજ ના હોય એમાં. ને તમે, બધા કહે એમ જ કરો કે તમારી મહીં અવાજ તમારો જુદો રાખો ?

**પ્રશ્નકર્તા :** જુદો રહે.

**દાદાશ્રી :** એ જ પોતાપણું. અને અમારો તો અવાજ જ નહીં કોઈ જાતનો. અમને કહે, 'દાદા, પેણે બેસો.' તો અમે ત્યાં બેસીએ. અમને ના ગમતું હોય તોય બેસીએ.

તેથી કૃપાળુદેવે કહ્યું ને, કે 'જ્ઞાની પુરુષ'માં પોતાપણું ના હોય. કૃપાળુદેવે 'પોતાપણું'નો શબ્દ લખ્યો છે, કંઈક ભારે લખ્યું છે ! તમને કેમ લાગે છે ? કૃપાળુદેવે આ શબ્દ સરસ લખ્યો છે ને ? હવે આ કોણ સમજાવે ? જે ભાષામાં કહેવા માગે છે એ ભાષા કોણ સમજાવી શકે અહીં આગળ ?

**પ્રશ્નકર્તા :** 'જ્ઞાની પુરુષ' જ સમજાવી શકે ને !

**દાદાશ્રી :** હા. કારણ કે બીજા કોઈનું કામ જ નહીં ને ! જુઓ, હું તમને કહી દઉં. આમ કરતા કરતા ઘણો કાળ અમારો ગયો. તેથી તમને તો હું સહેલો રસ્તો બતાડું છું. મારે તો રસ્તા ખોળવા પડેલા. તમને તો હું જે રસ્તે ગયેલો એ રસ્તો દેખાડી દઉં છું, તાળા ઊઘાડવાની ચાવી આપી દઉં છું.

**(સૂત્ર - ૭)**

**'વ્યવસ્થિત' એ પોતાપણું છોડવા માટે જ મેં આપેલું છે, ને એક્ઝેક્ટ છે એ. 'વ્યવસ્થિત' એટલે સાયન્ટિફિક વસ્તુ છે. અવલંબન ખોટું આપ્યું નથી, એક્ઝેક્ટ છે.**

**પ્રશ્નકર્તા :** આપણા જ્ઞાનમાં 'વ્યવસ્થિત'ની બરોબર સમજણ પડે તો પોતાપણું છૂટી જાય ?

**દાદાશ્રી :** છૂટી જાય ને ! 'વ્યવસ્થિત' એ પોતાપણું છોડવા માટે જ મેં આપેલું છે, ને એક્ઝેક્ટ છે એ. 'વ્યવસ્થિત' એટલે સાયન્ટિફિક વસ્તુ છે. એ કંઈ તમને અડસટ્ટે આપેલી વસ્તુ નથી. અવલંબન ખોટું આપ્યું નથી, એક્ઝેક્ટ છે.

પોતાપણું છૂટી જવું સહેલી વસ્તુ નથી. એ સમજણ આવવી મુશ્કેલ છે, એમાં બહુ જોર પેલું (જાગૃતિનો પુરુષાર્થ) કરવું નહીં. જોર કરવા જાય તો તૂટી જાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા મળ્યા ને દાદાના સાંનિધ્યમાં હોય, એટલે આપણે ભાવ કરીએ કે આપણે છૂટવું છે, એટલે સમજણ તો આવશે ને ? પોતાપણું છૂટી જાય એની સમજણ તો આવે ને દાદા પાસે રહેવાથી ?

**દાદાશ્રી :** સમજણ આવે તો છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** તો એ સમજણ કેવી રીતે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** કૃપાથી. બધામાં કૃપા જોઈએ. પણ જેને છોડવું હોય તેને કૃપા મળીય રહે. છોડવાની ઈચ્છા, સાચી ભાવના થાય તો છૂટવા માંડે. એ કિંમતી પદ કહેવાય !

**પ્રશ્નકર્તા :** પોતાપણું કાઢી નાખવા માટે જ્ઞાની પુરુષની પાસે રહેવું એ સિવાય બીજો કોઈ અસરકારક ઉપાય નથી ?

**દાદાશ્રી :** બધાય ઉપાયો જ્ઞાની પુરુષની પાસે રહેવાથી જ. આ (આપ્તપુત્રો બધા) જોડે રહેવાથી બધી કમાણી છે ને એમની ! આખો દહાડો સાંભળ સાંભળ એ જ કરે ને !

**પ્રશ્નકર્તા :** ગર્વ નથી, ગારવતા નથી, પોતાપણું નથી, (એવા જ્ઞાની...)

**દાદાશ્રી :** કેવો આનંદ ને કેવી મજા રહેતી હશે તો ! બધો ભાર જ પોતાપણાનો છે ને ! વગરકામનો માથા પર બોજો ! મી, મી, મી કર્યા કરે, આમ્હી (અમે) ને તુમ્હી (તમે), તુમ્હી ને આમ્હી એવું કર્યા કરે.

અમે તો બોલીએ ખરા, પણ એની પકડ ના હોય. 'કેટલી વાર છે' એમ પૂછ્યા કરીએ. એ કહે, 'પાંચ મિનિટ તમે બેસો.' પછી બે કલાક સુધી બેસી રહીએ અમે. પૂછતા જઈએ ને બે કલાક સુધી બેસીએ.

**પ્રશ્નકર્તા :** એટલે અંદર કશું ના હોય પાછું.

**દાદાશ્રી :** ના, એ પાંચ મિનિટ કહે તોય બે કલાક બેસી જઈએ. ફરી પાંચ મિનિટ કહે તો ફરી.

જ્ઞાની પાસે રહેવાનીય મજા આવે, ડ્રામેટિકને બધું ! તોફાન નહીં ને !

**પ્રશ્નકર્તા :** આ મનુષ્યો તો પેલો મરવાનો સમય દેખે કે 'હવે બે કલાક રહ્યા કે ચાર કલાક.' પણ જ્ઞાની તો મરણ સામે રાખીને જ ચાલતા હોય ને ? ગમે તે ઘડીએ એ આવી જાય.

**દાદાશ્રી :** એ તો સંસારમાં તો મરેલા જ હોય. મરવાનું સામે રાખે નહીં, (સંસારમાં) મરેલા જ હોય એ. નિશ્ચયમાં જીવતા હોય ને સંસારમાં મરેલા હોય અને પોતાપણું નહીં ને ! પોતાપણું (હોય) એ જીવતા કહેવાય. પોતાપણું ઓગળ્યા પછી તો ગારવતા-ગર્વ કશું રહે નહીં ને !

### (સૂત્ર - ૮)

**જેને ઉદયકર્મનો ગર્વ ગયો, તેણે આત્મા પ્રાપ્ત કર્યો કહેવાય.**

કૃપાળુદેવે આ બધા શબ્દો પોતાપણું, ગર્વ, ગારવતા ખોળી કાઢ્યા. એ મને અજાયબી લાગે છે ! એ જે એક-એક શબ્દ બોલ્યા ને, એ ખોળતા

જ જડે નહીં ને, એવા શબ્દો ! આવા શબ્દો ખોળવા જાય તો જડે નહીં.

**પ્રશ્નકર્તા :** આ અનંત અવતારનું સરવૈયું જ આવેલું ને ?

**દાદાશ્રી :** હા, ચાલુ ને ચાલુ.

**પ્રશ્નકર્તા :** એટલે આ પહેલા ભણેલા હતા ?

**દાદાશ્રી :** એ તો આગળ-પાછળનો માલ નીકળ્યા કરે. આ આજનો માલ નથી. આ ગર્વ શબ્દ તો અમનેય સમજાયો નહોતો પણ કૃપાળુદેવનું એક વાક્ય વાંચ્યું. એમાં એમણે લખ્યું,

'ધન્ય રે દિવસ આ અહો ! જાગી રે શાંતિ અપૂર્વ રે !

દસ વર્ષે રે ધારા ઉલ્લસી, મટ્યો ઉદયકર્મનો ગર્વ રે !'

ગર્વ શાનો હતો, અત્યાર સુધી ? ઉદયકર્મનો ગર્વ હતો. કરે છે ઉદયકર્મ અને હું કહું કે 'મેં કર્યું' એ ઉદયકર્મનો ગર્વ. હવે મટ્યો એવું કૃપાળુદેવ કહે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, તમારો અવાજ એટલો મધુર લાગ્યો, મારા રોમે રોમ આખા રોમાંચ થઈ ગયા.

**દાદાશ્રી :** હા, લાગે ને ! અને રોમાંચવાળું વાક્ય છે ને ! કેવી વાત કહે છે ! મને તે દહાડે સમજાયું કે કરે છે ઉદયકર્મ અને 'હું કરું છું' એ કહેવું, એનું નામ જ ગર્વ છે. તે મારે છૂટી ગયું. હવે અત્યારે ત્યાં અર્થ જુદો કરે છે. એનું ભાન જ ના હોય ને ! બધા મોટા મોટા સાધુ-આચાર્ય કહેવાય, પણ ઉદયકર્મનો ગર્વ ચાખતા હોય, મસ્તીમાં !

કૃપાળુદેવે કેવા એક-એક વાક્ય લખ્યા છે ને ! પણ ગર્વ નથી એટલે. આ ઉદયકર્મ ત્યાગ કરાવડાવે છે અને પોતે કહે છે, 'મેં કર્યું' એનું નામ ગર્વ. કરાવે છે કો'ક અને પોતે કહે છે, 'મેં કર્યું' એનું નામ ગર્વ. આખું જગત ગર્વ કરી રહ્યું છે. નથી કર્યું પોતે, છતાં કહે છે, 'મેં કર્યું.' એ જ્ઞાની પુરુષમાં ના હોય. એ તમને ખાતરી છે ને, ના હોય એવું ? કારણ કે જ્ઞાની પુરુષ તો ઊલટું 'મેં કર્યું' એ તો છોડાવડાવે છે, તમારું હઉ છોડાવી આપે !

## (સૂત્ર - ૯)

**ગારવતામાં સત્ પુરુષ ના હોય. કોઈ જગ્યાએ ફ્રિજની પેઠે એ બેસી ના રહે. તમે ફ્રિજમાં બેસાડો તોય એ બહાર નીકળે અને તાપમાં બેસાડો તોય બહાર નીકળે. એમને એવી ગારવતા ના હોય.**

**પ્રશ્નકર્તા :** આ ગર્વરસ રાખે છે એ તો આમ સમજાય, એવું આ ગારવતામાં એ રસ કઈ રીતે સમજાય ?

**દાદાશ્રી :** ગર્વ અને ગારવતા બે જુદી વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** આ ગારવતા શબ્દનો જરા વિશેષ ફોડ પાડો ને !

**દાદાશ્રી :** શેને ગારવતા કહો છો તમે ? ગારવતાનો અર્થ શો ? આ ગારવતા એ જુદી વસ્તુ છે. ગારવતા તો ગાયનેય હોય, ભેંસનેય હોય અને માણસનેય હોય. ગારવતા દરેક મનુષ્યને હોય અને આમાં આપણા મહાત્માઓનેય હોય. હજુ તો લોક નરી ગારવતામાં પડ્યા છે.

હવે ગારવતા એટલે શું ? ગારવતા પ્રત્યક્ષ જોવી હોય તો આ મિલ હોય છે ને, ત્યાં આગળ પેલા ખાબડા હોય છે, તળાવ જેવું, નર્યું ગંધાતું હોય એ. મિલનું પાણી જવાથી એ ખાડા પાણીથી ભરાઈ રહે છે. પણ પાણી મિલનું છે એટલે ક્ષારવાળું છે

ને, એટલે એ ક્ષારના પાણીથી ખાડાના અંદરની માટી ખવાઈ જાય છે, એટલે મહીં કાદવ થઈ જાય છે. અંદરની માટી સડી જાય, કહોવાઈ જાય. એ કોહવારો થઈ જાય. એટલે ઉપર પાણી આટલું જ થોડું હોય, પણ મહીં આટલો બધો નર્યો કાદવ હોય, બબ્બે ફૂટનો ! અને કાળું અંધારા જેવું પાણી હોય !

હવે આ ભેંસો છે ને, તે ઉનાળામાં સખત તાપમાં ઠંડકનો રસ્તો ખોળે છે, ફ્રિજ ખોળે ! તે ઝાડ ખોળે, બીજું ખોળે. આ ગાય કરતાં ભેંસ બહુ ગરમ છે, એટલે એને તાપ સહન ના થાય. ગાયો-બકરીઓ બધા સહન કરે, પણ ભેંસથી સહન ના થાય, એટલે ફ્રિજ (ઠંડક) ખોળે. એટલે ઉનાળાને દહાડે ભેંસ શોધખોળ કરે કે 'કોઈ જગ્યાએ ઠંડક છે ?' આપણા લોક નથી ખોળતા ? બહુ તાપ લાગે ત્યારે કહેશે, 'હેંડો, કંઈક એર કંડિશન્ડ રૂમમાં પેસીએ.' તે આમ ભેંસને પણ ખબર પડે. એટલે પાણી દેખે ને, ત્યાં પેસે. અને પેસે ને જો કાદવ દેખે, તો બસ ત્યાં એ એનું સ્થાન કરી નાખે.

એટલે ભેંસ મહીં કાદવમાં જઈને બેસે. ખાબડામાં પાણી હોય, ઉનાળાનો દહાડો હોય, એટલે પાણીનો ઉપર ઉપરનો ભાગ ગરમ થઈ જાય. પણ જે કાદવ છે અંદર તે ઠંડકવાળો હોય. એની મહીં ભેંસ પડતું નાખે, મહીં બેસે નિરાંતે, આટલે સુધી કાદવ હતો, પણ મહીં બેસે એટલે કાદવ ઊંચો આવે. ઊંચો આવે એટલે આખો કોટ પહેરી લીધો હોય ને, એવો ચોગરદમ કાદવ ફેલાઈ જાય. અને આખું શરીર ફ્રિજમાં મૂક્યા જેવું લાગે. એવી ઠંડક લાગે જાણે ફ્રિજમાં બેઠી હોય ને, એવું લાગે એને. કાદવ બધો આખા શરીરે અહીં ગળા સુધી ફરી વળ્યો હોય, આ ડોકું એકલું જ બહાર રાખે. અને આમ જોયા કરે બહાર બધે. મહીં બેસે એટલે પેલો કાદવ હતો ને, એ કાદવનું કવર એ ફ્રિજ ! કારણ કે કાદવની બહુ ઠંડક હોય, એટલે એ એકદમ હિમ જેવું લાગે. બરફની અંદર પોતે બેઠી હોય એવી રીતે એને લાગ્યા કરે. ભેંસ આ (કાદવના) એર કંડિશનમાં બેસે અને આ લોકો મનુષ્યના એર કંડિશનમાં બેસે. તે એર કંડિશનમાં બેઠી હોય એવું એને લાગ્યા કરે.

બોલો હવે, ફ્રિજમાં બેઠેલી ભેંસ, ગમે એટલું સોનું આપીએ તોયે નીકળે નહીં. હવે ધણી હંમેશાં ત્રણ વાગે દોહતા હતા, દૂધ કાઢતા હતા. તે દહાડે તો ધણી ખોળતો ખોળતો જડી નહીં એટલે અહીં આગળ આવ્યો. પછી ખાબડામાં જોઈ એટલે ધણીએ જાણ્યું કે આ તો હવે નીકળશે શી રીતે ? પછી ધણી પેલા ઘાસના લીલા પૂળા લાવીને બૂમ પાડે. કિનારે રહીને પેલો કહેશે, 'લે, લે !' ભેંસ આમ કાન માંડે ને આમ જુએ ખરી, પછી મોઢું ફેરવી નાખે. પણ ઊઠે નહીં. રોજ લીલા ઘાસ માટે દોડધામ કરતી હોય, પણ આ ગાંઠતી નથી અત્યારે ! તો મહીં તને શો સ્વાદ પડી ગયો છે ? તે ફ્રિજની ઠંડક ! અને ત્યાંથી ઊઠવાનું નામેય નહીં. ફ્રિજમાં બેઠેલી તે ઊઠે ? આ તાપમાં એર કંડિશનમાંથી નીકળતી હશે ? ગારવતા કહેવાય આ. પછી ધણી જાણે કે આ લીલો પૂળો નાખું છું તોયે લોભાતી નથી, માટે બીજું કંઈક વધારે સુખ આપીએ તો પેલી ઊઠે. ધણી સમજી ગયો કે એને અત્યારે મસ્તી છે, કંઈ બીજી લાલચ વગર નીકળશે નહીં. એટલે પછી કપાસિયા લઈ આવે અને મહીં ગોળ દેખાડે. કોઈક કોઈક દહાડો ખવડાવતો હોય ને, તે દેખાડે. તે પેલી ભેંસેય સમજી જાય કે હં, પેલું છે. પણ તોય આના જેવું તો નહીં જ ને ! ઘણું દેખાડીએ, સરસ દેખાડીએ કે દેખતા જ ભાવ થઈ જાય, એ ભેંસ સમજીયે જાય કે ગોળ છે. પણ ગારવતામાંથી ઊઠે ત્યારે ને ! એટલે ગાંઠી નહીં એનેય. કશાયમાં ધ્યાન આપે નહીં. કારણ કે ત્યાં જે સુખ પડે છે એવું બીજામાં નથી. એટલે કાદવમાંથી ઊઠે નહીં. આમ જોઈ લે, પણ કશું

હલે-કરે નહીં. આમાં દાદ ના દે, જરાય દાદ ના દે. કહેશે, 'આવું સુખ છોડીને કોણ જાય તે ?' એ જ ગારવતા !

ગારવતાનું સુખ આ કહેવાય. એવું જગત આ ગારવતામાં સુખ માની બેઠું છે, તે ગારવતામાંથી ખસતા જ નથી ને ! આ સ્ત્રી-પુરુષો ઊઠતા જ નથી ને ! રામ તારી માયા !

ભેંસોની ગારવતા પેલી કાદવની અને મનુષ્યોની ગારવતા આ ! ભેંસોને તો અમુક જગ્યાએ ગારવતા હોય, પણ મનુષ્યોને તો સ્ત્રીની ગારવતા, એર કંડિશન્ડની ગારવતા ! અને છોકરાંનો બાપ, તે મનમાં મલકાયા કરે, કે 'ત્રણ છોકરાં છે, તે ત્રણ વહુ આવશે. ત્રણ છોકરાં માટે ત્રણ ઘર બાંધવા છે.' આ બધી ગારવતા ઊભી થાય. ગંધાતા ખાબડામાં ભેંસ બેઠેલી હોય, એવું આખું જગત ગારવતામાં જ પડી રહ્યું છે. ગંધમાં, નરી વિષયોની ગંધમાં ! વિષયની ગંધના સારુ કકળાટ ભોગવે છે. એટલે આ જગતના લોકો રૂપ ગારવતા, વિષય ગારવતા, રસ ગારવતા, મોહની-લોભની ગારવતામાં જ રાચે છે અને તેથી તેમને બહાર નીકળવું ગમતું નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, એવું અમારા માટે કહેવાય કે લક્ષ્મી, પ્રતિષ્ઠા, માન-તાન, એ જે મળ્યું તેમાં ભેંસ જેવા થઈને જ બેઠા ?

**દાદાશ્રી :** હા, ભેંસ જેવા થઈને બેઠા.

**પ્રશ્નકર્તા :** એ ગારવતામાંથી કાઢનાર કોઈ જોઈએ ને ?

**દાદાશ્રી :** એ ગારવતામાંથી કાઢનાર જોઈએ ને ! એવું કોણ લલચાવે ? તે શું શું મેલીએ કે લલચાય વળી ? કપાસિયા ને ગોળને ના ગાંઠી, તો હવે શેને ગાંઠે એ ? પછી ભેંસ બહાર નીકળે ? એ રસ ગારવતા કહેવાય.

**પ્રશ્નકર્તા :** આ ગારવતાનો સ્વાદ લેનાર અંતઃકરણમાં કોણ હોય છે ?

**દાદાશ્રી :** લેનાર કોણ હોય તે ? એ અહંકાર જ, બીજું કોઈ નહીં. બુદ્ધિ સમજ પાડે છે કે આ ગારવતા, મજા બહુ આવશે.

**પ્રશ્નકર્તા :** એમાં મુખ્યપણું ચિત્તવૃત્તિનું પણ હોય છે ને ?

**દાદાશ્રી :** ચિત્તવૃત્તિ તો ત્યાં ને ત્યાં જ ભટકે.

**પ્રશ્નકર્તા :** ગારવતાના સ્થાનોમાં ?

**દાદાશ્રી :** હા, ત્યાં જ ફર્યા કરે. માખ ભમ્યા કરે એવું.

એવું છે, આ અભિપ્રાયથી મન ઊભું થયેલું છે અને મનને બહુ મોટી ચીજ ગણવામાં આવી છે. હવે અભિપ્રાય કેમ ઊભો થયો ? વિશેષ ભાવથી અહંકાર ઊભો થયો, ને અહંકારથી અભિપ્રાય ઊભો થયો. હવે અભિપ્રાયથી મન ઊભું થયું, અને મન ઊભું થવાથી ચિત્તની અશુદ્ધિ થવા માંડી. અને ચિત્તની અશુદ્ધિ થઈ એટલે તેમ તેમ કાદવમાં ઘૂસવા માંડ્યો. સંસારના કાદવમાં હવે કોણ કાઢે એને ? અને પાછું ગારવતા ! રસ ગારવતા, રિદ્ધિ ગારવતા ને સિદ્ધિ ગારવતા ! ત્રણ પ્રકારની ગારવતામાં ફસાયો, પછી કોણ કાઢે એને ?

### (સૂત્ર - ૧૦)

**જ્યાં બેસી રહેવાનું થાય ને ખસવાનું મન ના થાય એ બધી ગારવતા. કેટલીક સિદ્ધિ ગારવતા હોય છે, કેટલીક રિદ્ધિ ગારવતા હોય છે, કેટલીક રસ ગારવતા હોય.**

**પ્રશ્નકર્તા :** આ રસ ગારવતા એ જરા સમજાવો ને !

**દાદાશ્રી :** આ કેરીઓનો રસ, બીજો રસ, આ બાસુદી, એ બધા.

**પ્રશ્નકર્તા :** એટલે ખોરાકના સ્વાદ બધા ?

**દાદાશ્રી :** હા, સ્વાદ. તે બધું રસ ગારવતા કહેવાય. કોઈ માણસને અમુક અમુક ચીજો બહુ જ ભાવતી હોય. એ વસ્તુ તે દહાડે બનાવવાની હોય ને, તો સવારથી એનું ચિત્ત એ વસ્તુમાં જ હોય અને બપોરે એક વાગે બની રહે ત્યાં સુધી એનું ચિત્ત એમાં હોય. જમ્યા પછીયે અને ત્યાર પછીયે એનું ચિત્ત એમાં જ હોય, એ રસ ગારવતા.

આ ભેંસ કાદવમાં પડી રહે છે એ રસ ગારવતા. આ મનુષ્યોની પાંચ ઈન્દ્રિયોના રસોમાં ગારવતા છે. ફરી આઘોપાછો થાય નહીં. એ રસ ગારવતા, ઈન્દ્રિયોની રસ ગારવતા કહેવાય.

પછી રિદ્ધિ ગારવતા ! 'મારે બે મિલો છે ને આમ છે ને આ પાંચ છોકરાં છે, બે છોડીઓ છે, બંગલો છે.' એ રિદ્ધિ ગારવતા ! રિદ્ધિ એટલે આ પૈસા સંબંધી, આ ભૌતિક બધું એ રિદ્ધિ કહેવાય અને પેલી સિદ્ધિ કહેવાય.

**પ્રશ્નકર્તા :** સિદ્ધિમાં શું હોય ?

**દાદાશ્રી :** સિદ્ધિ આધ્યાત્મિક હોય.

**પ્રશ્નકર્તા :** સિદ્ધિનો દાખલો આપો ને !

**દાદાશ્રી :** આ બહુ અહિંસક માણસ હોય, ત્યાં આગળ બકરી-વાઘ બધા ભેગા થઈ જાય તોય વાંધો ના આવે. અથવા કોઈ માર માર કરતો અહીં આવ્યો હોય તો મને દેખે એટલે પછી બધું ભૂલી જાય. સ્વભાવ ભૂલાડે !

સિદ્ધિ ગારવતા આ સાધુ, સંન્યાસીઓ, આચાર્યોને હોય. એમને કોઈ કહે, 'બાપજી, મારે આ દુઃખ છે.' તે પેલા સિદ્ધિ વટાવે. પછી ગારવતામાં રહે. 'બાપજી, બાપજી' લોક કહે એટલે ખુશ ! લોકોય કંઈ મૂકી જાય લાડવા ને એ બધું, તે ખાય, પીવે ને મજા કરે. આવી બધી ગારવતામાં રહે. સિદ્ધિ આવી હોય તો સિદ્ધિની ગારવતામાં જ રહ્યા કરે, બસ. બીજું કંઈ 'એડવાન્સ' થવાનો વિચાર ના કરે.

**પ્રશ્નકર્તા :** એટલે ગારવતા 'એડવાન્સ' થવાનું રોકી દે ?

**દાદાશ્રી :** હા, એ ગારવતામાં, લોકો બધા 'બાપજી, બાપજી' કર્યા કરે એટલે પેલા ખુશ ખુશ !

એટલે કેટલીક સિદ્ધિ ગારવતા હોય છે, કેટલીક રિદ્ધિ ગારવતા હોય છે, કેટલીક રસ ગારવતા હોય. આવી અનેક પ્રકારની ગારવતા હોય છે. આ શાસ્ત્રોનીયે ગારવતા જ છે ખાલી !

**પ્રશ્નકર્તા :** શાસ્ત્રોની પણ ગારવતા ?

**દાદાશ્રી :** બસ, જ્યાં બેસી રહેવાનું થાય ને ખસવાનું મન ના થાય એ બધી ગારવતા. બાકી, રોજે રોજ પ્રગતિ કરવાની છે.

**પ્રશ્નકર્તા :** એટલે છેલ્લા સ્ટેશન સુધી જતા દરમ્યાન ગમે તેવા આવા સ્થળો આવે ત્યાં રહેવું નહીં !

**દાદાશ્રી :** ત્યાં આગળ રોકાઈ જવાનું નહીં. ત્યાં આગળ જે સુખ આવે, તે સુખમાં રોકાઈ જવાનું નહીં. એ તો શાસ્ત્રો વાંચે એટલે સુખ વર્તે. કારણ કે 'જ્ઞાની પુરુષ'ની વાત છે. તેથી અંદર ઠંડક થાય, શાંતિ થાય. રાજ્ય મળ્યું હોય અને રાજ્યમાં તન્મયાકાર થઈને પડી રહેવું, એ બધીયે ગારવતા કહેવાય.

બાકી, ગારવતાને લોક સમજતું જ નથી, ગારવતા શું છે તે ?

**પ્રશ્નકર્તા :** આ તો પેલો ભેંસનો દાખલો આપ્યો ને, એનાથી આમ સ્પષ્ટ સમજાય.

**દાદાશ્રી :** તે આ દાખલો આપેલો ને,

એટલે લોકો રસ્તામાં ભેંસને કાદવમાં બેઠેલી દેખે, ખાબડામાં ભેંસો દેખાય કે કહેશે, 'એય પેલી ગારવતા આવી. દાદા, આ જુઓ ગારવતા !' હું કહું, 'હા, તને યાદ રહ્યું ખરું !'

ગારવતાનો અર્થ જ કોઈએ કર્યો નથી. ગારવતાનો અર્થ કોઈ જગ્યાએ પુસ્તકમાં આપેલો નથી. તેથી મેં આ ગારવતાનો અર્થ ફોડવાર કર્યો.

**(સૂત્ર - ૧૧)**

**બીજું સુખ પ્રતીતિમાં બેસી જાય એને (તો) 'ગારવતા' (છૂટે). મનમાં નક્કી કરવું જોઈએ કે આ હોય કે તે હોય, બેને સમાન કરી નાખે ને, તો સૉલ્યુશન હોય.**

**પ્રશ્નકર્તા :** એટલે આ સુખની ભ્રાંતિ, એ આખું ગારવતાનું સ્વરૂપ જ છે ને ?

**દાદાશ્રી :** બધું ગારવતા જ છે.

**પ્રશ્નકર્તા :** એ ગારવતાના સંજોગો જે ભેગા થાય છે અત્યારે, આમ તો એ પહેલેથી હિસાબ લઈને આવેલો છે ?

**દાદાશ્રી :** બધું ડિસાઈડેડ, લઈ-કરીને આવેલો છે.

**પ્રશ્નકર્તા :** તો પણ હવે, અત્યારે એને ફરીથી વળગી પડે છે ?

**દાદાશ્રી :** અજ્ઞાની હોય તો વળગી પડે ને 'જ્ઞાન' ને 'આજ્ઞા' પાળતો હોય તો ના વળગે.

**પ્રશ્નકર્તા :** તોય એમાંથી છૂટી ના શકે ? એને ભોગવવું તો પડે જ ને, એટલું ?

**દાદાશ્રી :** સહી કરેલી ને !

**પ્રશ્નકર્તા :** અત્યારે એ ગારવતામાં પાછો સ્વાદ લે તો નવી સહીયે પડવાની ?

**દાદાશ્રી :** ના, આપણું 'જ્ઞાન' લીધેલું હોય તો ના પડે.

**પ્રશ્નકર્તા :** આ ગારવતામાં, અત્યાર સુધીની લાઈફમાં આમ ચિત્તવૃત્તિ તો એવી વિખરાયેલી હોય જ ને ?

**દાદાશ્રી :** બધી વિખરાયેલી જ હોય. તેથી એકાગ્ર થાય જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** તો આ ગારવતા જે છે, એને પ્રમાદની પરાકાષ્ટા ના કહેવાય ?

**દાદાશ્રી :** પ્રમાદ એ જુદી વસ્તુ છે ને આ ગારવતા એ જુદી વસ્તુ છે. ગારવતા એટલે એને ઊઠવાનો વિચારેય ના આવે. પ્રમાદીના તો મનમાં એમ થાય, 'બળ્યું, હું પ્રમાદી છું.' જ્યારે પેલાને તો 'હું ગારવતામાં છું' એવું ભાનેય ના થાય ! ગારવતામાં જ છે ને, જગત. અત્યાર સુધી બધું ગારવતા જ કહેવાય. એ ભેંસ ઊભી જ ના થાય.

**પ્રશ્નકર્તા :** પણ ગારવતામાંથી છૂટવાની કોઈ ચાવી હશે ને ?

**દાદાશ્રી :** એ તો એની મેળે બહાર ઠંડું થાય એટલે ઊઠી જાય.

**પ્રશ્નકર્તા :** પણ આ મનુષ્યોની લાઈફમાં એવું વાતાવરણ કંઈ આવે ?

**દાદાશ્રી :** ના, ના. આ અત્યારે આ બધા ગારવતામાં છે. (મુંબઈમાં) પેડર રોડમાંથી ઊઠીને ત્યાં સાંતાક્રૂઝ જાય ? નાદારી નીકળી હોય ત્યારે જાય. પૈસા ના હોય, કશું ના હોય. પછી પેલો કાઢે તો જાય.

**પ્રશ્નકર્તા :** તો પછી આ ગારવતા વસ્તુ છે, એ માણસનામાંથી જાય કેવી રીતે ?

**દાદાશ્રી :** બીજું સુખ જુએ તો જાય.

**પ્રશ્નકર્તા :** બીજું સારું સુખ મળે તો છૂટી જાય ?

**દાદાશ્રી :** હા, તો છૂટે. બીજું સુખ પ્રતીતિમાં બેસી જાય એને. ના જોવામાં આવ્યું હોય ને પ્રતીતિ બેસે કે 'આ દાદા કહે છે એમ જ છે' તો એ જાય.

**પ્રશ્નકર્તા :** આપણા મહાત્માઓને આ ગારવતા ખરી ને ?

**દાદાશ્રી :** ખરી. પણ ગારવતામાં એ સમજે કે આપણને ગારવતાનું વળગણ છે, છતાં ગમે ગારવતા !

**પ્રશ્નકર્તા :** એ ગારવતામાં ના રહીએ અને નીકળી જઈએ એવું શું સૉલ્યુશન ?

**દાદાશ્રી :** એ સૉલ્યુશન તો, મનમાં નક્કી કરવું જોઈએ કે આ હોય કે તે હોય, બેને સમાન કરી નાખે ને, તો સૉલ્યુશન હોય. સમાન ! પોતાની કિંમતમાં સમાન !

આ ગારવતાની અને બીજી વસ્તુ આપે ને ખાવા-પીવાનું મળતું હોય તે, કિંમત સરખી કરી નાખે એટલે ઊડી જાય એ. આમાંય ક્યાં સુખ છે ને આમાંય ક્યાં સુખ છે, એવું બધું જાણે છે એ એને ઉડાવી નાખે.

ગારવતાને તો લોક સમજતું જ નથી.

**પ્રશ્નકર્તા :** પણ 'જ્ઞાન' લીધેલું હોય, એને ગારવતામાંથી છૂટવા માટેનો આ સિવાય બીજો કોઈ રસ્તો ખરો ?

**દાદાશ્રી :** પણ 'ચંદુભાઈ'ને અસર રહે છે કે 'શુદ્ધાત્મા'ને અસર રહે છે ? ગારવતાની અસર રહેતી હોય તો 'ચંદુભાઈ' કહેવાય અને ગારવતાની અસર ના રહેતી હોય તો 'શુદ્ધાત્મા' થઈ ગયા.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, અમે અહીંયા આવ્યા છીએ, દાદાના દર્શન કરવા છે, દાદાની સાથે બેસવું છે, એમાં પણ એ જે રસ હોય, એ પણ ગારવતા જ કહેવાય ને ?

**દાદાશ્રી :** ના, એ ગારવતા નહીં. એને ગારવતા કેમ કહેવાય ? એ તો મુખ્ય વસ્તુ છે. એ તો અમૃત જેવી વાત છે. અમને ગારવતા એકુંય હોય નહીં. રસ ગારવતા ના હોય, રિદ્ધિ ગારવતા ના હોય, સિદ્ધિ ગારવતા ના હોય ! કોઈ પણ પ્રકારની ગારવતા ના હોય. જગત આખુંય ગારવતામાં જ સડ્યા કરે છે. 'જ્ઞાની' ગારવતામાં ના હોય.

જ્યારે 'જ્ઞાની પુરુષ' સમજણ પાડે ત્યારે ગારવતા સમજાય. એટલે આ એક્ઝેક્ટ અર્થ સમજજો હં, કૃપાળુદેવ શું કહેવા માગે છે તે. જે ઠંડક મળી ગઈ એ ઠંડક જોડે સરખામણી કરી છે. આ લોકો સંસારમાં ગારવતામાં જે બેસી રહ્યા છે, તે ઘણાય સત્પુરુષો અને જ્ઞાની કહે કહે કરે છે, પણ કાન હલાવીને પાછા ફ્રિજની મહીં બેસી જાય છે !

## (સૂત્ર - ૧૨)

**મોટામાં મોટો ગર્વરસ ચાખે છે. 'હું જાણું છું, હું સમજું છું !' ગર્વરસ ચાખવાથી જ કેફ ચઢ્યા કરે.**

કોઈ પણ વસ્તુનો ધર્મ ક્યારે પ્રાપ્ત થાય ? મહાન પુરુષોના વચનોનું આરાધન કરવામાં આવે અને તેમાં 'હું કંઈ જ જાણતો નથી' એવા ભાવથી કરવામાં આવે તો પુણ્ય બંધાય છે. 'હું જાણું છું' એ ભાવથી કરે તો પાપ જ બંધાય.

**પ્રશ્નકર્તા :** પણ 'હું જાણું છું' એ ભાવથી જ થતું હતું.

**દાદાશ્રી :** નહીં તો પણ, મારું કહેવાનું કે

આ બધું વિરુદ્ધ કહેવાય. આ તો લોકો માને છે કે અમે પુણ્ય કરીએ છીએ.

**પ્રશ્નકર્તા :** પણ પાપ કેવી રીતે થાય ? પાપ તો થાય જ નહીં ને ? એનો આશય જ નથી. કોઈને દુઃખ પણ થતું નથી.

**દાદાશ્રી :** દુઃખ કરવાનું નથી. ગર્વરસ ચાખવો છે આમાં. મોટામાં મોટો ગર્વરસ ચાખે છે, 'હું જાણું છું, હું સમજું છું !' અને પછી જે જે કરવામાં આવે એ બધી વાતમાં માલ નહીં. કહેવા જેવું નથી. બહુ ઉઘાડું ના કરવું. હું થોડું ઉઘાડું કરું, તે ખોટું દેખાય પછી. મોઢા પર 'હું જાણું છું' એ ભાવ હોય ત્યાં કોઈ દહાડોય ફ્રેશ ના દેખાય. એ ગર્વરસ ચાખવાથી જ કેફ ચઢ્યા કરે. જે સમજણનો કેફ ચઢે, એ ભયંકર અજ્ઞાન છે. 'જ્ઞાન'થી કેફ ઓગળે. તમામ પ્રકારના કેફ જાય ત્યારે અનંત શક્તિ પ્રગટ થાય !

હવે સત્ પુરુષને ગર્વ નથી, એટલે શું ? એ એમના હાથે ગમે એટલી શાંતિ આપે તોય એમને એમ ગર્વ નથી કે 'હું આપું છું, હું આ શાંતિ આપું છું' એવું નથી. એ એમ જાણે કે 'હું તો નિમિત્ત છું અને એના ઘરની શાંતિ એને ઉઘાડી આપું છું.' એટલે ગર્વ ના હોય કોઈ ચીજનો. કારણ કે અહંકાર જ ના હોય તો ગર્વ હોય ક્યાંથી ? અહીં સીધી આત્મતૃપ્તિ થાય એવું છે. જ્યાં સુધી 'હું કંઈક જાણું છું', ત્યાં સુધી એ અંદર પેસવા ના દે.

## (સૂત્ર - ૧૩)

**'હું કંઈક જાણું છું' એ રોગ બધાને મહીં હોય. આ કેફનો અંતરાય ના હોય તો તો 'જ્ઞાન' બહુ સુંદર વધી જાય, ફિટ થઈ જાય.**

**પ્રશ્નકર્તા :** આ મોક્ષમાર્ગમાં મોટામાં મોટું બાધક કારણ 'હું જાણું છું, હું સમજું છું' એ કહી શકાય ?

**દાદાશ્રી :** હા, એ આપઘાતી કારણ છે.

**પ્રશ્નકર્તા :** એનો જરા વધારે ફોડ પાડો. એ છૂટે તો કેવા લક્ષણો હોય ? એ દોષ વર્તતો હોય તો કેવા લક્ષણો હોય ? અને એની સામે કેવી રીતે જાગૃતિ રહી શકે ?

**દાદાશ્રી :** આ નાના છોકરાં મોટી ઉંમરના માણસોથી ભડકે છે. કારણ કે એની અક્કલનો તાપ એ છોકરાં ઉપર પડે છે, એટલે છોકરું ભડકે પછી. એટલે શું કરવું પડે ? બાળક જેવું થઈ જવું પડે. એના જેવા જ અણસમજણવાળા બાળક ! ડીલિંગ જ બાળક જેવું કરવું પડે, ત્યારે એ છોકરાં સામા રમે આપણી જોડે. મારી જોડે બધા, આવડું દોઢ વર્ષનું છોકરું હઉ રમે, આમ સરખે સરખા જ હોઈએ એવું રમે. એવું કંઈ પરિણામ તો આવવું જોઈએ ને ? આને વિચારજો ને, તો એક દહાડો સમજાશે. જાણ્યું એટલે જડે અને નિષ્પક્ષપાતી વલણ હોવું જોઈએ. છતાં મહીં અજાગૃતિને લીધે નાયે જડે, તો પછી ધીમે રહીને કો'ક દહાડો જડે.

બધા અવળા વ્યવહાર 'આ' દોષથી જ બને. અવળા જેને કહેવામાં આવે, તે બધા 'આ' દોષના કારણથી જ બને. મુખ્ય આ દોષ કે 'હું જાણું છું !' બીજા બધા દોષ પછીના. આ દોષમાંથી બધું ઊગેલું. ખેંચ રહે તે આ દોષથી જ. નહીં તો સરળતા હોય. જેટલો અમારી જોડે મેળ પડે છે, એવો લોકોની જોડે મેળ પડી જવો જોઈએ. મારી જોડે કેમ મેળ પડી જાય છે ? જ્યાં કુદરતી રીતે મેળ પડી જાય એ તો સહજ વસ્તુ છે. તેમાં પુરુષાર્થ શો આપણો ? જ્યાં મેળ ના પડતો હોય, ત્યાં મેળ પાડવો એ પુરુષાર્થ.

એ રોગ બધાને મહીં હોય, 'હું કંઈક જાણું છું.' આ કેફનો અંતરાય ના હોય તો તો 'જ્ઞાન' બહુ સુંદર વધી જાય, ફિટ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એ કેફ ન લાવવો હોય તોય ઘણીવાર આવી જાય.

**દાદાશ્રી :** હા, એ તો થઈ જાય, સ્વાભાવિક રીતે.

**પ્રશ્નકર્તા :** એ કેફ ખલાસ કઈ રીતે થાય ?

**દાદાશ્રી :** એ ઉત્પન્ન જ નહીં થવા દેવાનો. નહીં તો ઉત્પન્ન થયા પછી કેફ બંધ ના થાય, પછી એ ઊડે-કરે નહીં. એટલે એ ઉત્પન્ન જ નહીં થવા દેવાનો.

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, આ તો સૂક્ષ્મ કેફની વાત. આમ તો કેફ દેખાતો ન હોય.

**દાદાશ્રી :** બધું સૂક્ષ્મ જ હોય, ધણીનેય એની ખબર ના હોય.

**પ્રશ્નકર્તા :** એને ઉત્પન્ન ન થવા દેવો, એ કેવી રીતે બની શકે ?

**દાદાશ્રી :** આ કષાય ઉત્પન્ન ન થવા દેવા માટે શું શું કરીએ છીએ, એવું એ ઉત્પન્ન ના થાય એવી જાગૃતિ રાખવાની.

**પ્રશ્નકર્તા :** એ કેફ નથી ઉત્પન્ન થયો, એની ખબર પડે પોતાને ?

**દાદાશ્રી :** મોઢું રૂપાળું દેખાય. એકદમ રૂપાળો દેખાય, કાળો હોય તોય એકદમ રૂપાળો દેખાય. આ તો બધા કદરૂપા દેખાય ! ખબર ના પડે એવું હોતું હશે બળ્યું ? આ તાજી ભાજી છે કે બે દહાડાની છે, એવી ના ખબર પડે ? એના જેવી આ વાત ! આ કંઈ ઝીણી વાત ઓછી છે ? આ તો ઉપરથી માલૂમ પડી જાય. બધાનેય કેફ ઓછો-વત્તો હોય. અમુક જ માણસો એનાથી નિવૃત્ત થઈ જાય, સમજી ગયા હોય તે. કેફ હોય ત્યાં લાવણ્ય ના દેખાય. અજાગૃતિથી આ બધું થાય. જાગૃતિ હોય તો કશુંય થાય નહીં. અજાગૃતિમાં એવી ખોટી વસ્તુ ઉત્પાદન થઈ જાય, જાગૃતિમાં ના થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, એવો દોષ ઊભો થતો હોય, તો જાગૃતિ કેવી રાખવી જોઈએ ?

**દાદાશ્રી :** એ તો જબરજસ્ત જાગૃતિ હોય તો ઉત્પન્ન ના થાય. આ તો જાગૃતિ જ ના કહેવાય ને ! જાગૃતિ હોય તો પેલો છોડવો ઊભો થાય નહીં ને ! આ કેફનો છોડવો તો 'જ્ઞાન' થયા પછી ઊગેલો છે, આ છોડ જ પછી ઊગેલો છે. 'જ્ઞાન' આપ્યું તે ઘડીએ પેલા બધા જૂના છોડ તો ઊડી ગયા, પણ પછી આ નવો છોડ ઊભો થયો. એ છે તે જાગૃતિ હોય તો ના થાય. બધું અજાગૃતિથી જ છે, આ જે છે એ. અને ગાડાં ભરીને અજાગૃતિ હોય છે, એકાદ-બે ગુણો જેટલી અજાગૃતિ નહીં ! કેટલી બધી સ્થૂળ અજાગૃતિ હોય ત્યારે આ ઊભું થાય ! નહીં તો ઊભું જ ના થાય ને !

**(સૂત્ર - ૧૪)**

**આ 'જ્ઞાન' પછી જો કદી કેફ ચઢે તો કેટલી ઊંધી સમજ કહેવાય ! જ્ઞાન જાણેલાનો કેફ ? જાણ્યું એનું નામ કહેવાય કે સર્વસ્વ પ્રકારના કેફ ઉતરી જાય.**

**પ્રશ્નકર્તા :** આમાં શી બાબતની જાગૃતિ રહેવી જોઈએ ?

**દાદાશ્રી :** બધી બાબતની. ઊગે નહીં એવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે શું શું હોય એમાં ?

**દાદાશ્રી :** એટલે એ ઊભું કેમ થાય ? ઊભું થાય છે એ જ અજાગૃતિ. જાગૃતિ એટલી ઓછી કહેવાય. ઊભું કેમ થાય ? કષાય થાય તે ઘડીએ કેમ જાગૃતિ થઈ જાય છે ! સામો માણસ કષાય કરતો હોય, તોય જાગૃત થઈ જાય છે ! પોતાને

કષાય થાય તોય જાગૃત ! આ કષાય કરતાંય ભૂંડું, આપઘાતી તત્ત્વ આ ! આપણો ઘાત કરે. કહેશે, 'જાણીએ છીએ અને કંઈ થતું નથી,' જાણ્યાનો પાછો કેફ ! પણ ત્યાં એમને તો અજ્ઞાનતાથી તો હંમેશાં કેફ જ હોય. પણ અહીં આ 'જ્ઞાન' પછી જો કદી કેફ ચઢે તો કેટલી ઊંધી સમજ કહેવાય ! જ્ઞાન જાણેલાનો કેફ ? અજ્ઞાનતાનો તો કેફ હોય !

**પ્રશ્નકર્તા :** દાદાજી, કષાય તો સંયોગથી ઊભો થાય છે. સંયોગ આવે ત્યારે જાગૃતિ રહી શકે, એ નિરંતર જેવી વસ્તુ નથી. જ્યારે આ કેફ છે, એ અંદર નિરંતર પડ્યો હોય.

**દાદાશ્રી :** આ તો ઊગ્યા જ કરતો હોય, પાણીયે છાંટતા હોય, પાણીયે છંટાયા કરતું હોય. રાત-દહાડાની અજાગૃતિ ! એ જ આપઘાતી કહું ને ! જાણ્યું એનું નામ કહેવાય કે સર્વસ્વ પ્રકારના કેફ ઉતરી જાય.

**પ્રશ્નકર્તા :** અત્યારે કોઈની સાથે દાદાજીના 'જ્ઞાન' વિશે વાત કરતા હોઈએ, તો પહેલા મનમાં એમ હોય કે 'હું જાણું છું.'

**દાદાશ્રી :** હા, બસ એ આ રોગ ને !

**પ્રશ્નકર્તા :** તો વાત કેવી રીતે કરવી, દાદાજી ?

**દાદાશ્રી :** પણ એ વાત તો, એમાં બરકત ના આવે, મેળ પડે નહીં ને ! સામાને ફિટ જ કેમ થાય ? 'હું જાણું છું' એ મોટો રોગ !

તેથી અમે કહીએ ને, સામા જોડે અમે પેલા 'એ' ગોઠવીએ. અમને પેલો રોગ ના હોય, એટલે ગોઠવાઈ જાય. અમારે બિલકુલેય એ રોગ ના હોય. આ આવા કોઈ રોગ અમને ના હોય. અમારી પાસે બેસવાથી સર્વ રોગ જતા રહે. પૂછી પૂછીને કરી લેવું. એમ ને એમ બેસી રહીએ તેય કામનું નહીં. નહીં તો એમ ને એમ તો '(ટ્યૂબ) લાઈટે'ય બેસી રહે છે મારી જોડે ! નથી બેસી રહેતી ?

કો'કની જોડે ભાંજગડ પડી હોય તો 'હું જાણું છું' એ એના મનમાં, લક્ષમાં હોય ને વાતચીત કરવા જાય, તે કેસ આખો બફાઈ જાય. લેવલ ના મળે ને ! લેવલ આવેય નહીં ને !

**પ્રશ્નકર્તા :** દાદાજી, જાગૃતિ એવી રહેવી જોઈએ ને, કે જરાક ખોટો વિચાર આવે કે તરત, સેકન્ડે સેકન્ડે પકડાય.

**દાદાશ્રી :** હા, એ પકડાય તો બહુ થઈ ગયું. ઊગતા જ પકડાવું જોઈએ. તેથી અમે કહીએ છીએ ને, નીંદી નાખજો ઊગતા જ, બીજો ભાગ દેખાય કે નીંદી નાખજો. પણ એ જાગૃતિ વગર શી રીતે બને ? અને જાગૃતિ બહુ મોટી જોઈશે. આપણે આશાયે શી રીતે રાખીએ ? એટલે બધી આશા રાખી શકાય નહીં ને !

માટે ઉપાય કરવાનો. કોઈ આવીને કહે, 'તમારું જ્ઞાન બહુ ઊંચું છે.' તે ઘડીયે સમજવું કે અહીં રોગ ઊભો થઈ જશે હવે. રોગ ઊભા થવાનું પ્રત્યક્ષ કારણ ! આપણે ત્યાં ચેતી જવું.

પહેલા કોઈ વખત આમાં મીઠાશ વર્તેલી ? જે દહાડે મીઠાશ વર્તે, તે દહાડે એ ઊગે. અને ફરી મીઠાશ વર્તે તે આવડી મોટી કૂંપળો કાઢે. જેમ આંબો કૂંપળ કાઢે છે ને ! બે પાંદડે આવડો, બીજા બે પાંદડે આટલો ઊંચો થઈ જાય, એમ વધતું જાય. મીઠાશનું પાણી આપણે પી ગયા કે વધ્યું. 'શું ચંદુભાઈ, તમે તો ઓહોહો, જ્ઞાની જ થઈ ગયા !' તે એ સાંભળીને જો મીઠાશ આવી, કે ઊગ્યું મહીં !

હવે એવું થાય ને, તો ત્યાં આગળ બીજો ઉપાય કરવો, તરત ભૂંસી નાખવું. આપણે ત્યાં

ઉપાય છે. રોગ તો સ્વાભાવિક ઉત્પન્ન થાય. જે બીજ પડ્યું હોય, એનો રોગ તો ઉત્પન્ન થાય. પણ ઉપાય છે આપણે ત્યાં. આપણે ત્યાં આ 'વિજ્ઞાન' ઉપાય વગરનું નથી ને !

**પ્રશ્નકર્તા :** ના, અહીંના એક-એક વાક્ય બધા રોગને ઉડાડે એવા છે.

**દાદાશ્રી :** હા, ઉપાય છે આપણે ત્યાં. આનું મૂળ આમાંથી થયું છે કે 'ઘણું સરસ થઈ ગયું છે !' એની મીઠાશ વર્તી કે ફૂટ્યું ! અને આ વસ્તુ મીઠી ને ! મોક્ષ બાજુનું ભૂલાડી દે એવું.

**પ્રશ્નકર્તા :** પણ એ જોખમ, જબરજસ્ત જોખમ છે, મોક્ષમાર્ગને માટે.

**દાદાશ્રી :** જોખમ, આત્મઘાતી ! કોઈ એવું કહે ત્યારે કહેવું, 'ભઈ, મારી વાત તો હું જ જાણું છું, તમને શું ખબર પડે ?' એટલે પછી એ ટાઢો થઈ જાય. આપણે કંઈ ગુરુ થઈ બેસવું છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, છૂટવા જેવું છે આમાંથી.

**દાદાશ્રી :** બહુ મોટી ફસામણ ! અને છતાંય પેલું ઉદય આવે તો લોકોને હેલ્પ કરવી, એ તો આપણું કામ છે. પણ ઉદય આવેલો હોવો જોઈએ. ગુરુ થઈ બેસવામાં ફાયદો નહીં, ઉદય આવેલો હોવો જોઈએ. એની મેળે જ ઉદય આવે. જે સીટ ના જોઈતી હોય તે સીટ પર જ બેસવું પડે, તો વાત જુદી છે. એટલે એને માટે આકાંક્ષા નહીં રાખવી.

પોતાના પેપરમાં પોતે જ માર્ક મૂકે, તો કોઈ નાપાસ થાય ?

**પ્રશ્નકર્તા :** કોઈ ના થાય.

**દાદાશ્રી :** પોતે પેપર તપાસે, પોતે માર્ક મૂકે ને પોતે નાપાસ થાય તો હું જાણું કે જજમેન્ટ (નિર્ણય) છે. પણ એવું હોય નહીં ને !

**પ્રશ્નકર્તા :** આ તો પાછો પોતે બહાર નમ્ર દેખાવાની પણ મહેનત કરતો હોય.

**દાદાશ્રી :** તેથી આપઘાત કહ્યું ને ! એ આપઘાત લાવે. આપણે તો એટલું જોવાનું કે લોકો આકર્ષાય છે ? ના, નથી આકર્ષાતા. તો ઘણો રોગ છે હજુ. આકર્ષણ એટલે ચોખ્ખું જ ! ચોખ્ખું થવા માંડ્યું કે આકર્ષાય.

**પ્રશ્નકર્તા :** નહીં દાદાજી, લોકો તો આકર્ષાય. થોડા વખત માટે તો આકર્ષાય ને ?

**દાદાશ્રી :** ના, એ જરાય નહીં ને ! ઊભું જ ના રહે ને કોઈ ! પહેલે જ દહાડે ઊડી જાય બલ્બ ! એક-બે દહાડા માટે નભાવી લે લોકો, પછી નભાવે નહીં. આ તો 'જ્ઞાની પુરુષ' છે, તો આપણને દોષની ખબર પડે. નહીં તો એને પોતાને ખબર જ શું પડે ? ચાલી સ્ટીમર કોચીન ભણી ! હોકાયંત્ર બગડી ગયું છે, એટલે કોચીન ચાલી ! દક્ષિણને જ એ હોકાયંત્ર ઉત્તર દેખાડે ! નહીં તો હોકાયંત્ર હંમેશાં ઉત્તરમાં જ લઈ જાય, એ એનો સ્વભાવ ! હોકાયંત્ર બગડી જાય પછી ક્યા કરે ? અને પોતાને ધ્રુવના તારા જોતા આવડતા નથી !

આ બધા ભય સિગ્નલો જાણવા જ પડશે ને ? એમ ને એમ તે કંઈ ચાલતું હશે ?

**પ્રશ્નકર્તા :** ના, મોટામાં મોટા જોખમ છે આ તો !

**દાદાશ્રી :** આપઘાતી તત્ત્વ કહેવાય.

**પ્રશ્નકર્તા :** અને પાછું એ આગળ વધવા પણ ના દે, બીજું નવું જ્ઞાન ઉત્પન્ન થવા પણ ના દે.

**દાદાશ્રી :** થવા જ ના દે ને ! બધું આપઘાત કરી નાખે ને ! જે છે ને, તેને પાછું પાડ પાડ કરે.

**પ્રશ્નકર્તા :** ખૂબી એ છે કે આપના શબ્દો જે નીકળે છે, તે એક્ઝેક્ટ 'એને' મહીં અડે છે, એ

રોગ ઉખડે છે, દૃષ્ટિ ફેરવે છે, ને અંદર એક્ઝેક્ટ ક્રિયાકારી થતું દેખાય, બહુ વૈજ્ઞાનિક લાગે બધું !

**દાદાશ્રી :** વાત બધી વૈજ્ઞાનિક હોય તો જ લોકોને નિવેડો આવે ને, નહીં તો નિવેડો જ ના આવે ને !

''મારગ સાચા મિલ ગયા, છૂટ ગયા સંદેહ.''

સંદેહ છૂટી ગયા, સાચો માર્ગ તો મળી ગયો. ભૂલા પડ્યા હશે તો ફરી એક માઈલ ચાલવું પડશે. બીજું શું કરવું પડશે ? પણ જેને જવું છે તેને જડી આવશે. 'દાદા'ને પૂછવું કે ભૂલા પડ્યા છે કે સાચે રસ્તે છે ? એટલું પૂછવું. 'મારું જ્ઞાન કેવું છે' એવું ના પૂછવું. 'ભૂલો પડેલો છું કે સાચા રસ્તે છું ?' એટલું જ પૂછવું. દાદા કહે, 'બરોબર છે રસ્તો', ત્યારે પછી ચાલ્યા જવું.

## (સૂત્ર - ૧૫)

**આ રેસકોર્સમાં કોઈનો નંબર લાગેલો નહીં. ખાલી હાંફી હાંફીને મરી જાય ! 'અમે' આ દોડાદોડમાં કોઈ દહાડો ઊતરીએ નહીં. 'અમે' તો એક જ શબ્દ કહીએ, કે 'ભઈ, અમારામાં બરકત નથી.'**

**પ્રશ્નકર્તા :** દરેકની એવી ઈચ્છા હોય ને, કે 'હું કંઈક થઉં' અને અહીં આપની પાસે એવી ઈચ્છા થાય કે 'હું કાંઈ ન થઉં, વિશેષતા બિલકુલ ના જોઈએ.' ત્યાં વ્યવહારની અંદર હોય કે 'હું કંઈક છું ને મારે કંઈક થવું છે.'

**દાદાશ્રી :** કારણ કે ત્યાં રેસકોર્સ (હરીફાઈ) માં પડે છે ને ! આટલા બધા ઘોડા દોડે એમાં એય દોડે. અલ્યા, તું માંદો છે, બેસી રહે ને, છાનોમાનો ! અને એ તો સ્ટ્રોંગ (મજબૂત) ઘોડા. અને તેમાંય આ બધા ઘોડાઓમાં પહેલા નંબરવાળાને જ ઈનામ મળવાનું અને બીજા બધા તો હાંફી હાંફીને મરી જવાના.

એટલે આ હરીફાઈમાં કોઈ મૂર્ખોય મહીં ના પડે. હા, બસ્સો-પાંચસો ઘોડાને ઈનામ આપતા હોય તો આપણો નંબરેય લાગી જાય એમ માનીએ. પણ અલ્યા, પહેલો નંબર તો લાગવાનો નથી, તો શું કરવા અમથો આ રેસકોર્સમાં પડ્યો છે ? સૂઈ જાને, ઘેર જઈને ! આ રેસકોર્સમાં કોણ ઊતરે ? આમના રેસકોર્સમાં ક્યાં ઊતરાય તે ? કોઈ ઘોડો કેટલોય જોરદાર હોય ! કોઈ ચણા ખાતો હોય, કોઈ ઘાસ ખાતો હોય !

એટલે હું આ સંસારમાં રેસકોર્સમાં પડ્યો નહીં, તેથી મને આ 'ભગવાન' જડ્યા !

અને ઈનામ તો પહેલા નંબરવાળાને જ ! બીજા બધા તો રખડી મરે. હાંફી હાંફીને મરી જાય તોય કશું (મળે) નહીં. એવા ન્યાયવાળા જગતમાં રેસકોર્સમાં પડાતું હશે ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** અને મનુષ્યનો સ્વભાવ સ્પર્ધાવાળો જ હોય. લોકોમાં સ્પર્ધા હોય ને ?

**પ્રશ્નકર્તા :** હોય ને ! એ તો પાણી પાય.

**દાદાશ્રી :** દરેક ક્ષેત્રમાં સ્પર્ધા હોય જ. અરે, ઘરમાંય જો ત્રીજો માણસ આવ્યો હોય, એ દલીલબાજી કરે એવો હોય, તો ધણી-ધણિયાણીમાંય સ્પર્ધા ચાલે પછી. પેલી બઈ આમ બોલે, ત્યારે આ ભાઈ કહેશે, 'બેસ, તું તો આમ કરે છે ! પણ હું તો આમ કરી નાખું એવો છું !' અલ્યા, બેઉ ઘોડા દોડ્યા ! કોણ ઈનામ આપશે તમને ? એટલે અમે તો કહી દઈએ કે 'હીરાબાને જેવું આવડે એવું અમને આવડતું નથી.' એટલે અમે દોડવા દઈએ. ખૂબ દોડો, દોડો, દોડો ! પછી હીરાબાયે કહે, 'તમે ભોળા છો.' મેં કહ્યું, 'હા, બરોબર છે.'

એટલે આ લોકો સ્પર્ધા કરે છે ને, તેથી

દુઃખ આવે છે. આ તો રેસકોર્સમાં ઊતરે છે. આ રેસકોર્સ જે ચાલે છે એને જોયા કર, કે આ કયો ઘોડો પહેલો આવે છે ! એ જોયા કરે તો જોનારને કંઈ દુઃખ થતું નથી. રેસકોર્સમાં ઊતરે છે તેને દુઃખ થાય છે. માટે રેસકોર્સમાં ઊતરવા જેવું નથી.

અત્યાર સુધી તો ગુરુતમ થવાનો પ્રયત્ન કર્યો હતો ને ? હા, આમના કરતાં હું મોટો થઉં, આમના કરતા હું મોટો થઉં ! જુઓ ને, રેસકોર્સ ચાલ્યું છે. તેમાં ઈનામ કોને ? પહેલા ઘોડાને જ ફક્ત. ને બીજા બધાને ? દોડે એટલું જ. એટલું જ દોડે, તોયે એમને ઈનામ નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, લઘુતમપદની અંદર રેસકોર્સ ખરું ?

**દાદાશ્રી :** ના, રેસકોર્સ હોય નહીં. લઘુતમ આવ્યું ત્યાં રેસકોર્સ હોય નહીં. રેસકોર્સ તો ગુરુતમમાં હોય બધું. એટલે મારે તો લઘુતમ પદ અને બુદ્ધિ નહીં, તેથી મારે કોઈની જોડે લેવાય નહીં ને દેવાય નહીં ને ! બુદ્ધિનો છાંટો જ નહીં ને !

**(સૂત્ર - ૧૬)**

**અનંત અવતાર 'આ' રેસકોર્સમાં દોડ દોડ કરીશ તોય છેલ્લે દહાડે તું છેતરાઈશ, એવું આ જગત છે ! બધું નકામું જશે ! ઉપરથી પાર વગરનો માર ખાવાનો ! એના કરતાં ભાગો અહીંથી, આપણી 'અસલ જગ્યા' ખોળી કાઢો, જે આપણું 'મૂળ સ્વરૂપ' છે !**

**પ્રશ્નકર્તા :** એ લઘુતમનો અર્થ કેવી રીતે કર્યો ? જે આપણો અહંકાર છે એ અહંકાર ઝીરો ડિગ્રી પર આવે એ લઘુતમ છે ?

**દાદાશ્રી :** નહીં, અહંકાર તો એમનો એમ જ છે. પણ અહંકારની માન્યતા એવી થાય છે કે હું બધાથી નાનો છું અને એ પણ એક જાતનો અહંકાર જ છે. એવું છે, આ લઘુનો અર્થ 'નાનો છું' થયું. પછી લઘુતર એટલે કે નાનાથીયે હું નાનો છું અને લઘુતમ એટલે મારાથી બધા જ મોટા છે એવો અહંકાર. એટલે એ પણ એક જાતનો અહંકાર છે !

હવે જે ગુરુતમ અહંકાર છે, એટલે કે મોટા થવાની ભાવનાઓ, 'હું આ બધાથી મોટો છું' એવી માન્યતાઓ છે, એનાથી આ સંસાર ઊભો થયો છે. જ્યારે લઘુતમ અહંકારથી મોક્ષ તરફ જવાય. લઘુતમ અહંકાર એટલે 'હું તો આ બધાથી નાનો છું' એમ કરીને વ્યવહાર બધો ચલાવવો. એનાથી મોક્ષ તરફ ચાલ્યો જાય. જો લઘુતમનો અહંકાર હોય ને, તે લઘુ થતો થતો એકદમ લઘુતમ થઈ જાય. એટલે એ પરમાત્મા થઈ જાય !

'હું મોટો છું' એવું માને છે તેથી આ જગત રેસકોર્સમાં ઊતરે છે અને એ બધા ભાન ભૂલીને અવળે રસ્તે જઈ રહ્યા છે. એટલે આવું બધું (અહંકારનું) તોફાન ! ક્યાં આ દડ દાબીએ ને આ બધા આંબા ઉછેરીએ, ને ક્યારે ખાવાના ને કોણ ખાશે, શું ઠેકાણું ? આ તૈયાર કેરીઓ ખાવ ને છાનામાના ! હા, જેને બગીચા વાવવા હોય, બગીચાના માલિક થવું હોય એ ભલે રોપે બધા. આપણે કંઈ આના માલિક થવું નથી. આપણે આનો ગર્વરસ જોઈતો નથી. ઘણાય ગર્વરસવાળા છે, એ એની મેળે વાડીઓ કરશે ને એય કેરીઓ આવશે ને ઉછેરશે ! એવા ઘણાય છે ! અહીં કંઈ ખોટ છે ? બધી જાતના લોક !

મારે આવું જોઈતું નહોતું, મારે તો ભગવાન જ જોઈતા'તા. આ કેરીઓ-બેરીઓની મને કંઈ પડેલી નહીં. છતાં આ મમતા છોડવાની નથી. મમતા રાખવાની પણ કેવી ? માલિકી વગરની મમતા. ઓનરશિપ નહીં, ટાઈટલ નહીં.

**(સૂત્ર - ૧૭)**

**આપણને ગમતું બોલે તે પોઈન્ટમેન.**

**આપણને બોલે અને આપણને ફેર ચઢે તો જાણવું કે આ પોઈન્ટમેન આવ્યા !**

અહીં તો એવું છે ને, પોઈન્ટમેન ઘણા હોય. તો આપણે ગાડી દિલ્હી લઈ જવાની હોય તો કયે ગામ જતી રહે ! એટલે આપણા પોઈન્ટથી જ વાત કર્યા કરજો. અહીં તો પોઈન્ટમેન કેટલા બધા હોય !

મેઈન લાઈન ઉપર ગાડી જાય તો લૂંટાય નહીં. પાટો બદલાય કે લૂંટાઈ જાય. લૂંટાય ને પાછો કયે ગામ લઈ જાય તેનું ઠેકાણું નહીં. એટલે પોઈન્ટમેન ઉપર જરાય વિશ્વાસ ન કરવો જોઈએ. એની જોડે ચા-પાણી શરૂ કરીએ તો પછી આવી ગાડી પાટો બદલી નાખે ને !

**પ્રશ્નકર્તા :** આ મોક્ષમાર્ગમાં પોઈન્ટમેન કોને કહેવાય ?

**દાદાશ્રી :** આપણને ગમતું બોલે તે પોઈન્ટમેન. આપણને બોલે અને આપણને ફેર ચઢે તો જાણવું કે આ પોઈન્ટમેન આવ્યા ! ગમતું બોલે એટલે ફરી મન ભમી જાય. એટલે પોઈન્ટમેન છે, તે બીજે પાટે ચઢાવી દે ગાડી, એટલી જ સ્પીડથી ! છતાં બીજે પાટે જાય તે ખબરેય ના પડે કે હું બીજે પાટે છું. પછી કોઈ કહે, 'અરે, આ રોંગ વે (ખોટા રસ્તે) પર ક્યાં આવ્યા ?' ત્યારે કહે, 'અમારો રોંગ વે હોય નહીં કોઈ દહાડો !' એવું કહે.

**પ્રશ્નકર્તા :** એથી સતત જ્ઞાનીનો આશરો રાખવાનું કહ્યું ને ?

**દાદાશ્રી :** ત્યારે તેથી જ કહ્યું ને, નહીં તો વાત વાતમાં પોઈન્ટમેન મળી આવશે અને ગાડીનો પાટો ફેરવી નાખે, હડહડાટ ! ત્યારે આ પાછા કહે શું ? 'અમારી તો રાજધાની એક્સપ્રેસ !' અરે, પણ પાટો બદલાયો ! રાજધાની, તને કોણ ના પાડે છે ? મેઈન લાઈન પર હોય તો રાજધાની એક્સપ્રેસ, પાટો બદલાયો તો કયે ગામ જતી રહે ? દિલ્હી આવે નહીં પછી.

આપણી મેઈન લાઈન ખસી ના જાય તેનો ખ્યાલ રાખવો. આ બધી પાછલી આદતો ને ! એ આદતો કાઢી નથી ફક્ત. આપણી સમજમાં આવવી જોઈએ કે આ આદતો પાછલી છે.

**પ્રશ્નકર્તા :** નિશ્ચયમાં જો બળવાન હોય, સ્થિર હોય, તો વ્યવહાર સુંદર થાય જ ને ?

**દાદાશ્રી :** વ્યવહાર સુંદર થવો જોઈએ અને ના થાય તો નિશ્ચય કાચો પડી જશે.

**પ્રશ્નકર્તા :** એનું હોકાયંત્ર શું હોય ? 'અવળે પાટે, સવળે પાટે' એનું પ્રમાણ શું છે ?

**દાદાશ્રી :** એક તો અહંકારની મીઠાશ આવે અને અવળે પાટે ચઢ્યાની મીઠાશ આવે અને ઈમોશનલ (ભાવુક) થતો જાય. જ્યારે મેઈન લાઈન પર હોય તો નિરાકુળતા હોય જ. અને પેલું તો નિરાકુળતા ખસી જાય, મોઢું વ્યાકુળ લાગે, આ બધા વિચારો, બધું વ્યાકુળ લાગે. અવળે પાટે ચાલે એટલે પોતાનું સુખ ખોઈ નાખે.

**પ્રશ્નકર્તા :** એ ભૂલ ભાંગી ક્યારે કહેવાય ?

**દાદાશ્રી :** તમે ફોડવાર સમજી જાવ તો એ ભૂલ ભાંગી કહેવાય, કે 'કેવી રીતે બન્યું ? શરૂઆત શું ? શું થયું ને શાથી બીજે પાટે ચઢાયું ?' આ બધા આધાર ખોળી કાઢો તો જાણવું કે ભૂલ ભાંગી. શરૂઆતથી જ કે પહેલે દહાડે 'શું થયું ને શા આધારે, આનો આધાર ક્યાંથી મળી ગયો અને ક્યાંથી ઈમોશનલ થયા, ક્યાંથી નિરાકુળતા ગઈ' એ ખબર પડે.

**પ્રશ્નકર્તા :** આ વ્યવહાર જે બને છે, એમાં તો કોઈ ધારણા જ હોતી નથી કે આમ જવું કે આમ

જવું. જે વ્યવહાર બને છે એમાં કોઈ જાતની પકડ હોતી નથી કે આમ જઈએ છીએ કે આમ જઈએ છીએ. બાકી, જે નિશ્ચય છે એમાં ખસતું નથી.

**દાદાશ્રી :** વ્યવહાર ખસી જાય તો નિશ્ચય ખસી જ જાય હંમેશાં. એ તો તમને લાગે એવું બધું. બાકી, વ્યવહાર ખસ્યો કે નિશ્ચય ખસી જાય. મનમાં એમ ભાસ્યા કરે, કે 'ના, નિશ્ચયમાં કશું ખસ્યું નથી.' પણ વ્યવહાર ડગ્યો ત્યાંથી સમજી લો કે નિશ્ચય ડગી જ ગયેલો છે. આ એક ચેતવા જેવું !

## (સૂત્ર - ૧૮)

**આ મોક્ષમાર્ગમાં દરેક પોતે પોતાનું લેવલ (કક્ષા) કાઢીને બેઠો હોય. અને તે સાવ ખોટું હોય, એમાં અક્ષરેય સાચો ના હોય અને લેવલ માનીને બેસે તો અટકી જાય ત્યાં માણસ.**

આ અમારી પાસે જ્ઞાન જે સાંભળ્યું છે ને, તે આ જ્ઞાન જ કામ કર્યા કરે. અમે જે રસ્તે ગયા તે રસ્તાનું જ્ઞાન તમે સાંભળો છો, તે રસ્તો જ તમારું કામ કાઢી નાખશે. આપણે તો કહીએ, 'દાદા, તમારી પાછળ પાછળ આવવું છે.' એટલે પછી અમે અમારો રસ્તો તમને દેખાડી દઈએ.

મેઈન લાઈન પર ચઢી ગયા એટલે વાંધો નહીં ને ! ગાડી બીજે પાટે ચઢી હતી એવું જાણે ને, તોય ઉકેલ આવે. જાણ્યા વગર પડી રહે તો મુશ્કેલી. એ તો એમ જ જાણે કે આપણી ભૂલ નથી.

**પ્રશ્નકર્તા :** એવું પાછું માને ?

**દાદાશ્રી :** હા, પાછું ઉપરથી રક્ષણ કરે. પણ કોઈનીયે ભૂલ દેખાય તો એ જ આપણી ભૂલ છે. એની ભૂલ એણે જોવાની છે. બીજાને (આપણને) એની ભૂલ જોવાનો શું અધિકાર ? આ તો વગર કામના ન્યાયાધીશ થાય છે ! કંઈ ભૂલ છે કે નહીં તે ખાતરીયે નથી, તો શાના બોલો છો ? આ તો પોતાના સ્વાર્થથી બોલો છો ! સામાની ભૂલ છે કે નહીં એની ખાતરી શું ?

એટલે આ વિજ્ઞાન જ બધા દોષ કાઢશે, નહીં તો બીજા કોઈ વિજ્ઞાન દોષ કાઢે નહીં. પછી કંઈ એવો તાલ ફરી બેસે નહીં. માટે ચેતી જઈને કામ કરવું સારું.

મનમાં લેવલ પોતાની મેળે કાઢવું નહીં, નહીં તો માણસ અટકી જાય. પોતાની મેળે લેવલ કાઢવું નહીં, બીજા કાઢી આપે તો જ કામનું.

**પ્રશ્નકર્તા :** એ મનમાં લેવલ કઈ બાબતનું ?

**દાદાશ્રી :** આ આમાં જ, આ મોક્ષમાર્ગમાં દરેક પોતે પોતાનું લેવલ કાઢીને બેઠો હોય. અને તે સાવ ખોટું હોય, એમાં અક્ષરેય સાચો ના હોય. અને લેવલ માનીને બેસે તો અટકી જાય ત્યાં માણસ. હજી તો ગાડીઓ પાટા પરથી ખસી જતા વાર નહીં લાગે. આટલી બધી નબળાઈઓમાં આ પૂર્ણતાએ લાવવું, એટલે બધું સમજવું પડશે. પહેલું તો કપટ જ જવું જોઈએ.

આ તો જે આપણું નહીં, ત્યાં જ બધી શક્તિ વપરાઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** અને કપટથી એને જ પાછું ઢાંકવાનું !

**દાદાશ્રી :** હા, એને જ ઢાંકવાનું. અપના કુછ નહીં, તોય એનો પક્ષ કરે. અલ્યા, નક્કી કર્યું કે અપના કુછ નહીં, તોય એનો પક્ષ કર્યો ? ત્યારે એ કહે છે, 'ભૂલી ગયો.'

**પ્રશ્નકર્તા :** એ ભૂલી જાય છે કે પક્ષ હજુ એટલો છૂટ્યો નથી ?

**દાદાશ્રી :** પક્ષ છૂટ્યો નથી. એ તો ભૂલી ગયો એમ બોલે, તત્પૂરતું પણ પક્ષ છૂટે નહીં ને !

એટલે ચેતો, બધી રીતે ચેતો, બહુ ચેતવાનું છે.

**પ્રશ્નકર્તા :** એ ખરી વસ્તુ છે. આજે મોક્ષમાર્ગનો ધ્યેય નક્કી થયો છે, પણ એનાં જે બાધક અથવા અનુમોદક કારણોનું સ્પષ્ટ વિભાજન ના થાય ત્યાં સુધી 'આ' પાટે ગાડી સ્થિર રહેવી અને પૂર્ણાહુતિ થવી એમાં બહુ બહુ મુશ્કેલી દેખાય છે !

**દાદાશ્રી :** મુશ્કેલી બોલે તો પછી કામ જ નહીં થાય. માટે એવું કહીએ કે આ વિજ્ઞાન તમે એવું આપ્યું છે કે કોઈ મુશ્કેલી છે જ નહીં !

### (સૂત્ર - ૧૯)

**પોતે લાંચ ના લે તો પેલા કહ્યા પ્રમાણે તરત જ ફરે. પણ લાંચ લે તો એ પછી માર ખવડાવે, બધી બાબતમાં માર ખવડાવે. એટલે ધ્યેયમાં પાછું નહીં પડવું જોઈએ.**

આ તો અમે આ ભયસ્થાનો બધા બતાડી દઈએ. ભયસ્થાનો ના બતાવીએ ને, તો ઊંધું થઈ જાય. આ બધા પુણ્યશાળી હોય છે ને, વાતેય પ્રગટ થઈ ને !

ધ્યેય તોડાવડાવે એ આપણા દુશ્મન. આપણો ધ્યેય નુકસાન કરાવે એ કેમ પોષાય ? તમારે ધ્યેય પ્રમાણે કોઈ દહાડો ચાલે કે ? અવળું નહીં કશું ? એ તો સહજ થઈ ગયેલું, નહીં ?

**પ્રશ્નકર્તા :** એટલે મહીં હેન્ડલ મારવાનું ચાલુ રાખવું પડે.

**દાદાશ્રી :** ચાલુ રાખવું પડે ? પણ એ મહીંવાળા માને ખરા ? તરત જ ?

**પ્રશ્નકર્તા :** તરત જ.

**દાદાશ્રી :** તરત ! વાર જ નહીં ! એ સારું. જેટલું માને એટલું છૂટા થયાની નિશાની. એટલા એનાથી આપણે છૂટા જ છીએ એ નિશાની. પોતાને લાંચ કશી છે નહીં. લાંચ હોય ત્યારે એ વાત માને નહીં. એની પાસે 'પોતે' લાંચ ખાતો હોય તો એ આપણી વાત માને નહીં પછી. 'પોતે' સ્વાદ લઈ આવે, પછી 'પેલા' ના માને.

આ વ્યવહાર તો પેલી બાજુ જ લઈ જાય ને ! અનાદિથી એક આરાધેલો માર્ગ એ જ ને ! વ્યવહાર તો હંમેશાં એ બાજુનો ટેવાયેલો જ હોય ને ! એટલે એ બાજુ જાય તોય આપણે આપણા ધ્યેય પ્રમાણે હાંકવાનું. બળદ તો જૂનો રસ્તો દેખે તો એ રસ્તે જ ચાલ્યા કરે. આપણે હવે આપણા રસ્તે ધ્યેય પ્રમાણે જવાનું. આ રસ્તે નહીં, આ બીજે રસ્તે જવાનું. 'આમ હેંડ' કહીએ.

એટલે પોતે લાંચ ના લે તો પેલા કહ્યા પ્રમાણે તરત જ ફરે. પણ લાંચ લે તો એ પછી માર ખવડાવે, બધી બાબતમાં માર ખવડાવે. એટલે ધ્યેયમાં પાછું નહીં પડવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** એ લાંચ કેવી હોય ?

**દાદાશ્રી :** ચાખી આવે. અને ચાખતી વખતે પાછું મીઠું લાગ્યું હોય ને, તે બેસે ત્યાં આગળ. ટેસ્ટ કરી આવ્યો એટલે પછી ફરી થોડુંક એકાદ-બે બોટલ પી આવે.

આ બધી ચોર દાનત કહેવાય. ધ્યેય પર જવું છે એ અને ચોર દાનત, એ બે સાથે કેમ કરીને રહી શકે ? દાનત ચોક્કસ રાખવી જોઈએ, કોઈ પણ લાંચ-રુશ્વત સિવાય. આ તો એ મસ્તી ચાખવાની ટેવ હોય છે, એટલે આમ ત્યાં બેસીને જરા એ મસ્તીના આનંદમાં રહે.

**પ્રશ્નકર્તા :** એટલે પ્રકૃતિની મસ્તી ?

**દાદાશ્રી :** ત્યારે બીજી શી ? એ એમાં જ ટેવાયેલો છે ને ! એટલે 'આપણે' કહીએ, કે 'ના, અમારે તો હવે આમ જવાનું છે, મારે મસ્તી નથી

જોઈતી. અમારા ધ્યેય પ્રમાણે ચાલવાનું છે.' આ પ્રકૃતિની મસ્તીઓ તો ભૂલભૂલામણીમાં લઈ જાય.

પોતાની પાસે અધિકાર શો છે ? ભાવ, કે આટલું મારે કરી લેવું છે. નિશ્ચય, એ પોતાનો અધિકાર વાપરવો. અને બીજો બહારનો રોગ પેસી ના જાય કે 'લાવ, હું પાંચ જણને સત્સંગ સંભળાવું કે એવું તેવું.' એની કાળજી રાખવાની. નહીં તો એય પાછા બીજા નવી જાતના રોગ પેસી જાય અને કંઈના કંઈ રસ્તે ચઢી જાય, તો પછી શું થાય ? કોઈ બચાવનાર મળે નહીં. માટે આપણે મોક્ષે જવું હોય તો આ 'વાત કરવા'માં પડશો નહીં. કશું પૂછે તો કહેવું કે 'હું ના જાણું.'

પ્રશ્નોના ખુલાસા બોલાય નહીં, એક અક્ષરેય બોલાય નહીં. ફક્ત સહેજાસહેજ વાતચીત થાય. બાકી, બીજામાં ને આપણામાં ફેર ના માનવો. આ તો વિશેષતા દેખાડવા માટે બોલે. અને એ જ પેલા કષાય બધા કરાવે છે ને ! અમારું એકુંય વાક્ય વિશેષ ભાવવાળું ના હોય. કુદરતી રીતે જ નીકળ્યા કરે. કારણ કે અમારી રેકર્ડ હોય ને ! તમારી વાણી રેકર્ડ થાય પછી વાંધો નહીં. રેકર્ડ થાય એટલે પછી થઈ રહ્યું. હજી રેકર્ડ થતી નથી, નહીં ?

કોઈ બે જણ વાત કરતા હોય ને, તો ડહાપણ કરવાનું મન થાય. અને 'જ્ઞાન' તેનું નામ ના કહેવાય. આ ચડસવાળી વસ્તુ નથી. ચડસ ના હોવી જોઈએ. ચડસવાળી બધી સંસારી વસ્તુઓ !

## (સૂત્ર - ૨૦)

**પૂર્ણાહુતિ કરવી છે કે અધૂરું રાખવું છે ? કાચું રાખવું છે ? પૂરું કરવું હોય તો કોઈ જગ્યાએ કાચા ના પડશો.**

કોઈ જગ્યાએ કશી વાત કરો છો ? વાતચીતમાં કોઈ જગ્યાએ પડશો નહીં. કારણ કે લોક તો સાંભળે, પણ પોતાની દશા શી થાય ? લોકને તો કાને સાંભળીને કાઢી નાખવાનું છે અને પોતાને પણ ઈન્ટરેસ્ટ પડે એમાં. કારણ કે હજુ ઈગોઈઝમ (અહંકાર) છે ને, તે બધા મહીં લઉં-ખઉં કરતા તૈયાર બેસી જ રહ્યા હોય. તે ધીમે ધીમે એને ખોરાક મળી જાય.

એટલે ઈગોઈઝમનો મહીં રસ ના પડવો જોઈએ, બુદ્ધિનો રસ ના પડવો જોઈએ. એમાં પછી બુદ્ધિનો અભાવ થવો જોઈએ, ઈગોઈઝમનો અભાવ થવો જોઈએ. અને તે પણ અભ્યાસ થવો જોઈએ ત્યારે કામનું ! ત્યાં સુધી ધીરજ પકડવી સારી !

હજુ મહીં આ અહંકાર ને બધું ઓછું થયા સિવાય શું કરવા ગા ગા કરો છો ? કોઈને ચાર આનાનો ફાયદો થાય નહીં, ને અમથા ગા ગા કર્યાનો અર્થ નહીં ને ! તે ઘડીએ શબ્દ તે બધાને સારા લાગે. લોક કહેય ખરા, કે 'બહુ સારી વાત છે, બહુ સારી વાત છે.' પણ ત્યાં તો પોતાને ઈગોઈઝમ વધી જાય અને પેલા લોકોને તો કામ કશુંય લાગ્યું ના હોય. ખાલી ઉપર સુગંધી આવી પડે એટલું જ ! મોઢામાં જલેબી પેઠીયે નહીં ને સુગંધી આવી એટલું જ !

કાચું રાખવું હોય તો પેલો રસ્તો સરળ છે, મીઠાશેય સારી પડશે. પણ પોતે જો સહેજ કાચો પડે ને, તો એ અહંકાર ને બધા મહીં બેસી જ રહ્યા હોય તરાપ મારી ને, કે ક્યારે ખોરાક મળી જાય ! મહીં અહંકાર ખોરાક ખોળતો જ હોય. એ તો દરેકનેય પેલો અહંકાર તો બેસી રહેલો જ હોય. અહંકાર ચઢી બેસે ને, તો પછી દલાલી એકલી ના ખોળે. અત્યારે તો દલાલી ખોળે છે, પણ પછી તો આખી મૂડી અને તમને પોતાને હઉ ખાઈ જાય ! એ તો એની મેળે મહીં છે જ. એટલે જાણ્યા કરવું કે એ અહંકારની હાજરી છે, ત્યાં સુધી બીજા કશા ભાગમાં પડશો નહીં. અહંકારને સ્કોપ (અવસર) મળે એવો રસ્તો આપશો નહીં.

આપણા જ્ઞાનનો એક વાળ જેટલું કહેવા જાય તો લોકો તૂટી પડે. લોકોએ આવી શાંતિ જોઈ નથી, આવું સાંભળ્યું નથી, એટલે તૂટી પડે ને ! અને પેલો અહંકાર મહીં બેઠો બેઠો હસ્યા કરે, 'હા, ચાલો, આપણો ખોરાક મળ્યો !' અનાદિથી ખોળતો હોય ! પૂર્ણાહુતિ કરવી છે કે અધૂરું રાખવું છે ? કાચું રાખવું છે ? પૂરું કરવું હોય તો કોઈ જગ્યાએ કાચા ના પડશો. કોઈ પૂછે ને, તોયે કાચા ના પડશો.

## (સૂત્ર - ૨૧)

**અનાદિથી આવા જ માર ખાધા છે ને, લોકોએ ! આના આ જ માર ખા ખા કર્યા છે. જરાક સ્વાદ મળી ગયો, કે ચઢ્યો જ છે ઉપર (!)**

આ 'દાદા'નું જ્ઞાન જે પામ્યા છે, એ જ્ઞાનથી માલ નીકળે ને, એ સાંભળીને તો જગત બધું ધરી દે. અને ધરી દે એટલે શું થાય ? લપટાયો પછી ! બધા પેલા ઉપશમ થયેલા ને, તે ફટાફટ જાગી ઉઠે. આકર્ષણવાળી વાણી છે આ ! આ જ્ઞાન આકર્ષક છે. માટે મૌન રહેવું. જો પૂરું હિત કરવું હોય તો મૌન રહેવું.

ગોશાળો જે હતો ને, એ તો પહેલા મહાવીર ભગવાનનો શિષ્ય હતો, ખાસ, સ્પેશિયલ શિષ્ય. પણ છેવટે એ સામો થઈને ઊભો રહ્યો. ગોશાળો મહાવીર ભગવાન પાસે બહુ વખત રહ્યો. પછી એને એમ લાગ્યું કે મને આ બધું જ્ઞાન સમજાઈ ગયું, એટલે ભગવાનથી છૂટો પડીને કહે છે કે 'હું તીર્થંકર છું, એ તીર્થંકર નથી.' અને કેટલીક વખત એવુંયે બોલતો હતો, કે 'એય તીર્થંકર છે ને હુંય તીર્થંકર છું.' હવે એ રોગ પેઠો, પછી શી દશા થાય એની ?

હવે મહાવીર ભગવાન પાસે હતો તોય ત્યાં પાંસરો ના રહ્યો, તો અમારી પાસે બેઠેલો શી રીતે પાંસરો રહે ? જો કાચું કપાય તો શી દશા થાય ? અને તે તો ચોથા આરાની વાત હતી. આ તો પાંચમો આરો, અનંત અવતાર ખરાબ કરી નાખે. અનાદિથી આવા જ માર ખાધા છે ને, લોકોએ ! આના આ જ માર ખા ખા કર્યા છે. જરાક સ્વાદ મળી ગયો કે, ચઢ્યો જ છે ઉપર (!)

## (સૂત્ર - ૨૨)

**'જ્ઞાની પુરુષ'ની સમજણથી સમજણ મેળવવાની છે, પેરેલલ ટુ પેરેલલ. નહીં તો રેલવે લાઈન ઊડી જશે. 'પોતાની' સમજણ તો નાખવાની જ નથી.**

આજના જીવો લાલચુ બહુ છે. તે પોતાનું જ ઊભું કરે છે બધે ઠેર ઠેર, પૂજાવાનું બધું ઊભું કરે છે. અને પૂજાવાવાળા પછી નવું ધારણ કરી શકતા નથી સાચી વાત. જ્યાં ને ત્યાં લોકો દુકાન માંડીને બેસી ગયા. અને પૂજાવાની કામના અંદર ભરાઈ રહેલી હોય કે કેમ કરીને મને જે' જે' કરે. તો એને ગલગલિયાં થાય. જે' જે' કરે એટલે ગલગલિયાં થાય, એવી મઝા (!) આવે ખરેખરી !

ઊંધો રસ્તો છે એ બધો. પૂજાવાની કામના, એના જેવો ભયંકર કોઈ રોગ નથી. મોટામાં મોટો રોગ હોય તો પૂજાવાની કામના ! કોને પૂજવાનો હોય ? આત્મા તો પૂજ્ય જ હોય. દેહને પૂજવાનો રહ્યો જ ક્યાં પછી ? પણ પૂજાવાની ઈચ્છાઓ-લાલચો છે આ બધી. દેહને પૂજાવીને શું કાઢવાનું ? જે દેહને બાળી મેલવાનો, એને પૂજાવીને શું કાઢવાનું ? પણ એ લાલચ એવી કે 'મને પૂજે.' એટલે આ પૂજાવાની લાલસાઓ છે. નહીં તો મોક્ષ કંઈ અઘરો નથી. આ દાનતો હોય છે ને, તે અઘરી છે.

એવી ઈચ્છા થાય તોય ભયંકર ગુનો છે. એવી ઈચ્છા કોઈ દહાડો થયેલી ? થોડી મહીં ગલીપચી થાય ? આ તો અમે ચેતવીએ. ના

ચેતવીએ તો પછી પડી જાય ને ! સારી જગ્યા પર આવ્યા પછી પડી જાય તો પછી નકામો થાય, યૂઝલેસ થાય અને વાગેય બહુ. નીચે હોય ને પડે તો વાગે નહીં બહુ. બહુ ઊંચે દોડ્યો હોય ઉપર, તે પડે તો વાગે બહુ. એટલે જ્યાં છો ત્યાં રહેજો, નીચે ના ઉતરશો પાછા.

અને સ્વતંત્ર શબ્દ કશું લાવશો નહીં. અહીંથી લઈ જઈને તે જ શબ્દ વાપરજો; સ્વતંત્ર નવો મૂકશો નહીં. નવું સ્ટેશનેય બાંધશો નહીં. કે પછી બાંધ્યું છે ? પાયા ખોદ્યા નથી ને ? નથી બાંધ્યું ? ચેતવણી તો હોવી જોઈએ ને ! નહીં તો ક્યાંય જઈને ઊભા રહેશો ! હજુ તો માર્ગ બહુ જુદી જાતનો છે આ. અને કેટલી બધી આમ લોભામણી જગ્યાઓ આવે છે ! કોઈ દહાડો જોઈ ના હોય એવી લોભામણી જગ્યાઓ આવે છે. તે મોટા મોટા છેતરાયા ત્યાં તમારું શું ગજું ? એટલે આ 'દાદા ભગવાન'ના માર્ગથી ચાલો બરાબર. હેય ! ક્લિયર રોડ ફર્સ્ટ કલાસ ! જોખમ નહીં, કશું નહીં !

## (સૂત્ર - ૨૩)

**શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું ? જેને ભગવાન વશ થઈ ગયા છે, એવા જ્ઞાની પુરુષ એમને ક્યા ક્યા ગુણો ના હોય ? ગર્વ ના હોય, ગારવતા ના હોય, અંતરંગ સ્પૃહા ના હોય, ઉન્મત્તતા ના હોય.**

હજુ તો આ પોતા પર પોતાને પક્ષપાત છે, એટલે મૂર્ચ્છિત કર્યા વગર રહે નહીં. અને એની પોતાને ખબર જ ના પડવા દે ને ! 'હું ચંદુભાઈ છું' એ ભાન તો અમે તોડી આપ્યું છે, ને આપેલો આત્માય પોતાને રહે છે. પણ જ્યારે ઉદયના ફેર ચઢે છે ત્યારે ખબર ના પડે કે 'મારી શી ભૂલ થાય છે ? ક્યાં ભૂલ થાય છે ?' નર્યું આખુંયે ભૂલનું જ તંત્ર છે ને ! તેને લઈને તો પોતાની સત્તા આવરાયેલી પડી છે. આત્મા તો આપ્યો છે, પણ સત્તા આખીયે આવરાયેલી પડી છે ! આ વર્લ્ડ (દુનિયા) જ આપણી માલિકીનું છે, પણ સત્તા પ્રાપ્ત થતી નથી. એ તો જેટલું જેટલું ચોખ્ખું થતું જાય તેટલી તેટલી સત્તા પ્રાપ્ત થાય.

આ દુનિયામાં જેટલી સ્વચ્છતા તમારી એટલી દુનિયા તમારી ! તમે માલિક આ દુનિયાના ! હું આ દેહનો માલિક છવ્વીસ વર્ષથી થયો નથી, તેથી અમારી સ્વચ્છતા પૂરેપૂરી હોય ! માટે સ્વચ્છ થાવ, સ્વચ્છ !

**પ્રશ્નકર્તા :** સ્વચ્છતાનો ખુલાસો કરો.

**દાદાશ્રી :** સ્વચ્છતા એટલે આ દુનિયાની કોઈ ચીજની જરૂર ના હોય જેને, ભિખારીપણું જ ના હોય !

ભગવાનના પ્રતિનિધિ ક્યારે કહેવાય ? જ્ઞાન ચોખ્ખું રહે. માનની ભીખ ના વધે. કીર્તિની ભીખ ના હોય. કોઈ અપમાન કરે તો આશીર્વાદ આપે ત્યારે એ ભગવાન પોતાનું પ્રતિનિધિત્વપણું આપે. પોતાની સત્તા એમને આપે. એવી સત્તા હાથમાં છે અમારે. કેવી સત્તા ? સર્વ સત્તાધીશ ! કારણ કે અમને ભીખ કોઈ જાતની રહી નથી. અને ભીખ હોય તો શું હોય ? એમાં જ રાચેલો છે. અને છેવટે ભીખ જ કાઢવાની છે ને ! ભીખ માગવાથી કામ ના ચાલે. પ્યૉર બનો, પ્યૉર !

મોક્ષે જવું હશે તો બધું ચોખ્ખું કરવું પડશે. બિલકુલ પ્યૉર ! આ દાદા હજારો માણસોને નિરંતર યાદ રહે છે, ચોવીસેય કલાક યાદ રહે, ત્યારે કેવા પ્યૉર થયેલા હશે ! જેટલો પ્યૉર એટલો એમ ને એમ યાદ રહ્યા કરે, યાદ કરવા ના પડે. પ્યૉર થવાની જરૂર છે. એવા પ્યૉર જ્ઞાની પુરુષનો ભેટો થાય તો મુક્તિ !

**- જય સચ્ચિદાનંદ**

## ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૨૯ જુલાઈના રોજ વિવિધ સત્સંગ સેન્ટરો ખાતે થનાર ઉજવણી

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું | સંપર્ક |
|---|---|---|---|
| અડાલજ ત્રિમંદિર | સવારે ૮ થી ૧૨-૩૦ | દાદાનગર કન્વેન્શન સેન્ટર, અમદાવાદ-કલોલ હાઈવે. | ૯૩૨૮૬૬૧૧૬૬ |
| અમરેલી ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૫ | બાયપાસ ચોકડી, લીલીયા રોડ. | ૯૯૨૪૩૪૪૪૬૦ |
| અંજાર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૧-૩૦ | ગામ-સિનુગ્રા પાટિયા, તાલુકો-અંજાર. | ૯૫૭૪૦૦૮૧૨૬ |
| ભાદરણ ત્રિમંદિર | સવારે ૯ થી ૧૨-૩૦ | સ્ટેશન રોડ, તા. બોરસદ, જિ. આણંદ. | ૯૯૨૪૩૪૩૭૨૯ |
| ભાવનગર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૬ | રંગોલી પાર્ક પાસે, ભાવનગર-રાજકોટ હાઈવે, વરતેજ. | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| ભુજ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | હિલ ગાર્ડન પાછળ, એરપોર્ટ રોડ. | ૯૭૨૭૯૩૪૨૩૧ |
| ગોધરા ત્રિમંદિર | સવારે ૧૦ થી ૪ | FCI ગોડાઉન સામે, ભામૈયા. | ૯૪૨૭૩૦૯૦૬૧ |
| જામનગર ત્રિમંદિર | સવારે ૮-૩૦ થી ૫ | ચેમ્બર ઓફ કોમર્સ પાસે, માણેકનગર. | ૯૯૨૪૩૪૩૬૮૭ |
| જૂનાગઢ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ. | ૯૯૦૯૫૭૭૪૬૮ |
| મોરબી ત્રિમંદિર | સવારે ૯ થી ૬ | નવલખી રોડ, જેપુર ગામ. | ૯૮૭૯૮૪૧૮૫૨ |
| રાજકોટ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | તરઘડીયા ચોકડી, ગામ-માલિયાસણ, રાજકોટ-અમદાવાદ હાઈવે. | ૯૯૨૪૩૪૩૪૭૮ |
| સુરેન્દ્રનગર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૬ | લોક વિદ્યાલય પાસે, રાજકોટ-મૂળી હાઈવે રોડ. | ૯૧૦૬૯૩૬૪૮૨ |
| વડોદરા ત્રિમંદિર | સવારે ૯ થી ૪ | બાબરીયા કોલેજ પાસે, ગામ-વરણામા. | ૯૯૯૮૧૫૦૧૨૫ |
| ધ્રાંગધ્રા ત્રિમંદિર | બપોરે ૩-૩૦ થી ૮ | ફન પોઈન્ટ હોટલની પાછળ, હળવદ રોડ. | ૯૪૨૬૯૩૯૩૯૨ |
| વેરાવળ (તાલાલા) ત્રિમંદિર | સવારે ૮ થી ૧૨ | છાત્રોડા ઓવરબ્રિજ પાસે, વેરાવળ. | ૯૯૨૪૩૪૪૪૫૯ |
| ચલામલી ત્રિમંદિર | સવારે ૮ થી ૧૨ | ગામ-ચલામલી, તા. બોડેલી. | ૯૫૭૪૦૦૮૩૫૫ |
| મુંબઈ ત્રિમંદિર | સાંજે ૪ થી ૮ | ઋષિવન, અભિનવનગર રોડ, કાજુપાડા, બોરીવલી (ઈ). | ૯૩૨૩૫૨૮૯૦૧ |
| થાણે ત્રિમંદિર | સાંજે ૪ થી ૮ | સાકેત-બાલ્કુમ રોડ, માજીવાડા, થાણે (વે). | ૯૨૧૩૦૨૦૫૦૦ |

### ઉત્તર ગુજરાત ઝોન

| | | | |
|---|---|---|---|
| હિંમતનગર | સવારે ૯ થી ૧ | BAPS સંચાલિત સ્વામિનારાયણ હૉલ, IDFC બેન્કની સામે, રાધે સ્વીટ્સની પાછળ, મારુતિનગર. | ૭૯૮૪૫૮૩૭૭૮ |
| કડી | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | આદ્ય પુરુષ મંદિર હૉલ, ધરતી સીટી રોડ. | ૯૭૭૩૧૪૫૦૩૧ |
| મહેસાણા | સવારે ૮ થી ૧ | GIDC કોમ્યુનિટી હૉલ, FCI ગોડાઉન પાછળ, મોઢેરા રોડ. | ૯૪૦૮૫૫૧૫૦૧ |
| પાલનપુર (**૨૬ જુલાઈ**) | સવારે ૯ થી ૨ | કડવા પાટીદાર સમાજની વાડી, ગણેશપુરા. | ૭૮૭૪૬૬૪૪૨૧ |
| પાટણ | સવારે ૯ થી ૪ | કડવા પાટીદાર સમાજની વાડી, સુભાષ ચોક. | ૯૪૨૯૨૨૪૮૩૩ |
| વિજાપુર | સવારે ૮-૩૦ થી ૧ | રોટરી ક્લબ, ગોવિંદપુરા જૂથ પંચાયત પાસે. | ૯૮૭૯૨૨૭૨૨૭ |
| વિસનગર (**૨૬ જુલાઈ**) | સવારે ૯ થી ૧ | સત્સંગ સેન્ટર, ગોલ્ડ કોઈન શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ. | ૯૮૨૪૦૬૬૨૭૭ |
| ઊંઝા (**૨ ઓગષ્ટ**) | સવારે ૮-૩૦ થી ૧૨ | શ્રી બાળોજ માતા મંદિર, ગંજ બજાર સામે, સ્ટેશન રોડ. | ૯૫૮૬૪૬૮૨૬૫ |
| મોડાસા | સવારે ૯ થી ૧ | શ્રી જીરાવાલા લબ્ધિ વિક્રમધામ, જિલ્લા સેવા સદન સામે, શામળાજી-ગોધરા હાઈવે. | ૯૪૨૭૭૧૩૪૬૭ |

## દક્ષિણ ગુજરાત ઝોન

| | | | |
|---|---|---|---|
| અંકલેશ્વર | સવારે ૯-૩૦ થી ૪ | 'દાદા દર્શન', પ્લોટ નંબર H 3215/3, બાલાજી એવન્યુની સામે, વિઝન સ્કૂલની બાજુમાં, GIDC. | ૯૪૨૯૪૮૧૯૮૬ |
| બારડોલી | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | જલારામ મંદિર હૉલ, સ્ટેશન રોડ. | ૯૪૨૬૮૨૪૦૨૮ |
| ભરૂચ | સવારે ૯ થી ૪ | સ્થળ માટે આપેલ નંબર પર સંપર્ક કરવા વિનંતી. | ૯૪૨૭૧૫૯૫૬૬ |
| નવસારી | સવારે ૯ઃ૩૦ થી ૪-૩૦ | શ્રી રામજી મંદિર, રોટરી આંખની હોસ્પિટલ પાસે, દૂધિયા તળાવ. | ૯૮૯૮૨૬૪૯૨૧ |
| સુરત (અલથાણ) | સાંજે ૪ થી ૧૦ | અલથાણ-ભટાર કમ્યુનિટી હૉલ, પનાસ-અલથાણ કેનાલ રોડ, સોહમ સર્કલ નજીક. | ૮૧૫૫૦૦૭૪૭૮ |
| સુરત (સરથાણા જકાતનાકા) | સવારે ૯ થી ૫ | સરથાણા SMC કોમ્યુનિટી હૉલ, પ્રાણી સંગ્રહાલયની સામે, ગુરુકુલ રોડ. | ૯૫૭૪૦૦૮૦૦૭ |
| બીલીમોરા | સવારે ૮ થી ૩ | કચ્છી સમાજની વાડી, જે. જે. સ્કૂલની બાજુમાં, ફીડર રોડ. | ૯૮૭૯૭૮૧૩૫૧ |
| ચીખલી | સવારે ૧૦ થી ૩ | ચીખલી કોળી પટેલ સમાજ વાડી, જૂના વલસાડ રોડ. | ૯૨૬૫૫૯૬૨૬૨ |
| વલસાડ | સવારે ૮ થી ૪ | પટેલ સમાજની વાડી, ગવર્મેન્ટ કોલોની સામે, તિથલ રોડ. | ૯૮૯૮૩૨૨૬૪૭ |
| વાપી | સવારે ૯ થી ૩ | 'દાદા દર્શન', ૩૦૪, શગુન સ્ટેપ ઈન, કોપરલી રોડ, છારવાડા. | ૯૯૨૪૩૪૩૯૮૪ |
| કિલ્લા પારડી | સવારે ૯ થી ૧ | એકલિંગજી મહાદેવ મંદિર હૉલ, પટેલ સ્ટ્રીટ, દમણી ઝાંપા. | ૭૪૦૫૦૪૦૮૪૪ |

## સૌરાષ્ટ્ર - કચ્છ ઝોન

| | | | |
|---|---|---|---|
| બગસરા (**૩૦ જુલાઈ**) | સાંજે ૪ થી ૭-૩૦ | પટેલ સમાજની વાડી, ગોકુલ પરા. | ૯૮૭ ૯૧૪૫૧૩૩ |
| બોટાદ | સવારે ૯ થી ૫ | બાપા સીતારામની મઢુલી, રણછોડનગર, તુરખા રોડ. | ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ધોરાજી | સવારે ૮ થી ૪ | 'દાદા દર્શન', ST બસ સ્ટેશનની બાજુમાં. | ૯૪૨૬૨૨૧૪૯૨ |
| ગોંડલ | બપોરે ૩-૩૦ થી ૭ | 'દાદા દર્શન', મારુતિ નંદન સોસાયટી, નક્ષત્ર એપાર્ટમેન્ટ પાસે, ગુંદાળા રોડ. | ૯૪૨૭૯૬૩૭૬૭ |
| જેતપુર (**૩૦ જુલાઈ**) | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | કોટડિયા સમાજ, વિભાગ-૧, ગાયત્રી મંદિર પાસે. | ૯૮૯૮૦૨૪૦૩૬ |
| પાલીતાણા | સવારે ૯ થી ૧-૩૦ | કપોળ વાડી, સૌરાષ્ટ્ર સિનેમાની બાજુમાં, ST રોડ. | ૯૪૨૯૬૩૮૫૪૨ |
| પોરબંદર | સવારે ૧૦ થી ૫ | 'દાદા દર્શન', SR હાઉસ, M.E.M. સ્કૂલની બાજુમાં, કમલાબાગ. | ૯૫૭૪૦૦૧૨૪૩ |
| રાજુલા | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | લુહાર-સુથાર જ્ઞાતિ વાડી, BAPS સ્વામીનારાયણ મંદિરની પાસે. | ૯૮૨૪૧૬૪૯૪૧ |
| સાવરકુંડલા | સાંજે ૪-૩૦ થી ૮-૩૦ | 'દાદા દર્શન', કાપેલધાર, હાથસણી રોડ. | ૯૪૨૭૫૫૫૪૭૬ |
| મહુવા (**૩૦ જુલાઈ**) | સાંજે ૪ થી ૮ | શ્યામવાડી, ગાયત્રીનગર રોડ. | ૯૮૨૪૫૬૨૮૮૬ |
| ઉપલેટા | સવારે ૯ થી ૫ | 'દાદા દર્શન', ST બસ સ્ટેન્ડ પાસે, ઢાંકનો માર્ગ. | ૯૯૯૮૫૩૫૦૮૫ |
| ભચાઉ | સાંજે ૪ થી ૭-૩૦ | 'દાદા દર્શન', વેરાઈ કૃપા હોટલની સામે, વર્ધમાનનગરની બાજુમાં, સ્વસ્તિક નગર. | ૯૯૧૩૨૪૧૧૦૪ |
| ધ્રોલ | સાંજે ૫ થી ૮-૩૦ | 'દાદા દર્શન', ખારવા રોડ. | ૮૩૨૦૦૯૧૮૪૦ |

| | | | |
|---|---|---|---|
| દ્વારકા | સાંજે ૫ થી ૯ | શ્રી સરસ્વતી શિશુ મંદિર પ્રાથમિક શાળા, કાનદાસ બાપુ આશ્રમની સામે, હાઈવે રોડ. | ૯૦૬૭૦૫૧૧૧૧ |
| ગાંધીધામ | સાંજે ૪ થી ૮ | 'દાદા દર્શન', બીજે માળ, ક્રોમા શો-રૂમ બિલ્ડીંગ, જૂની કોર્ટ રોડ. | ૯૮૨૫૧૧૮૬૮૦ |
| ગેડી | સાંજે ૪ થી ૭-૩૦ | 'દાદા દર્શન', કુમાર શાળા નં. ૨ પાસે. | ૮૪૮૭૯૭૧૮૮૧ |
| જામ ખંભાળિયા | સવારે ૯ થી ૧-૩૦ | આહિર સમાજની વાડી, ચાર રસ્તા પાસે, જડેશ્વર રોડ. | ૯૬૨૪૮૧૫૬૬૫ |
| માંડવી | સાંજે ૪-૩૦ થી ૮ | રોટરી હૉલ, ભાટવાડી, HDFC બેંક સામે, સ્વામી વિવેકાનંદ નગર. | ૯૦૩૩૧૫૬૮૪૭ |
| થાનગઢ **(૩૦ જુલાઈ)** | બપોરે ૩ થી ૭-૩૦ | શ્રી પ્રજાપતિ સમાજ વાડી, જોગ આશ્રમ રોડ. | ૬૩૫૧૧૨૦૭૭૪ |
| દ્રોણ | સવારે ૯ થી ૪ | 'દાદા દર્શન', ધોરા સ્ટ્રીટ. | ૯૯૦૯૮૦૫૫૯૦ |
| કેશિયા **(૨૮ જુલાઈ)** | સાંજે ૫-૩૦ થી ૯ | 'દાદા દર્શન', હાઈસ્કૂલની સામે. | ૯૪૦૮૭૪૩૩૧૨ |
| ધારી **(૩૦ જુલાઈ)** | સવારે ૯ થી ૨ | નર્મદેશ્વર મહાદેવની બાજુમાં, અમરેલી રોડ. | ૯૪૨૬૪૪૨૪૭૦ |
| જામ જોધપુર | સવારે ૯ થી ૫ | કડવા પટેલ સમાજ, બસ સ્ટેન્ડ રોડ, માકડિયા વાડી. | ૯૪૨૭૯૭૯૪૭૧ |

## મધ્ય ગુજરાત ઝોન

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ-પૂર્વ **(૨૬ જુલાઈ)** | સવારે ૯ થી ૫ | શ્રી નરોડા કડવા પાટીદાર સમાજની વાડી, જૂની નરોડા સબ પોસ્ટ ઓફિસ પાસે, દહેગામ રોડ. | ૯૭૨૩૦૫૫૩૦૬ |
| અમદાવાદ-પશ્ચિમ | બપોરે ૩ થી ૯-૩૦ | ડી. કે. પટેલ હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર - બ્લૉક A, નવરંગ સ્કૂલ પાસે, દર્પણ છ રસ્તા પાસે, નારણપુરા. | ૯૯૨૪૨૯૯૭૮૭ |
| આણંદ | સવારે ૯ થી ૫ | પ્રમુખ સ્વામી અર્બન કમ્યુનિટી હોલ, સોલારીસ મોલની પાછળ, સાંગોળપુરા. | ૯૯૦૯૩૩૯૧૫૦ |
| ખંભાત | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | આધ્યાત્મિક હૉલ, BAPS સ્વામીનારાયણ મંદિરની પાછળ, માદળા તળાવ પાસે, મેતપુર રોડ. | ૯૨૭૬૬૦૪૪૭૦ |
| બાવળા **(૨ ઓગષ્ટ)** | સવારે ૮-૩૦ થી ૧૨ | એમ.સી.અમીન ગર્લ્સ હાઈસ્કૂલ, સ્વામિનારાયણ મંદિર રોડ. | ૭૩૫૯૪૩૬૫૪૦ |
| ગાંધીનગર **(૨ ઓગષ્ટ)** | સવારે ૯ થી ૨ | આંબેડકર ભવન, સેક્ટર-૧૨. | ૯૪૨૬૩૩૯૯૭૮ |
| નડિયાદ | સવારે ૯ થી ૨ | બ્લડ બેંક હૉલ, સંતરામ સોસાયટી રોડ, અલકા સિનેમા પાસે. | ૯૪૨૭૮૫૩૫૯૦ |
| સોજીત્રા | સાંજે ૪ થી ૭-૩૦ | શ્રી ફુનીબા સાર્વજનિક મહિલા પુસ્તકાલય, રાવપુરા નાકા પાસે. | ૯૯૦૪૯૩૩૭૫૯ |
| તારાપુર | બપોરે ૩ થી ૭ | સંતધામ વાડી, દૂધની ડેરી પાસે. | ૮૧૪૧૪૭૨૬૬૯ |
| દાહોદ **(૨૬ જુલાઈ)** | સવારે ૯ થી ૪ | ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, LIC ઑફિસની પાછળ, પોલીસ લાઈન રોડ. | ૯૪૨૭૦૧૩૩૧૯ |
| ડભોઈ | સવારે ૯ થી ૧૨-૩૦ | ભાવસાર સમાજની વાડી, ચૂડઘર મહોલ્લા, ડૉ. મહેશભાઈના દવાખાના પાસે. | ૯૫૮૬૮૪૪૦૪૨ |
| રાજપીપળા | સવારે ૯-૩૦ થી ૧ | શ્રી રાજના લેઉઆ પાટીદાર સમાજ, પટેલ છાત્રાલય હોલ, શ્રી હરસિદ્ધિ માતાજી મંદિર પાસે. | ૯૯૭૮૫૬૮૭૬૬ |
| કપડવંજ **(૨૬ જુલાઈ)** | સવારે ૧૦ થી ૨ | લાયન્સ ક્લબ, ટાઉન હૉલ સામે. | ૯૮૨૪૫૩૬૬૩૧ |
| કલોલ | સાંજે ૪-૩૦ થી ૮ | ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, વામજ રોડ, પંચવટી. | ૭૦૯૬૧૬૬૨૩૦ |

## Atmagnani Pujyashree Deepakbhai's USA - Canada Schedule - 2026

USA & Canada: +1-877-505-DADA (3232) Email - info@us.dadabhagwan.org

| Date | Day | From | To | Event | Venue |
|---|---|---|---|---|---|
| 4-Jul | Sat | 5:30 PM | 7:30 PM | **Satsang** | **(Chicago, IL)** The Westin Chicago Lombard 70 Yorktown Center Lombard, IL 60148 |
| 5-Jul | Sun | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 5-Jul | Sun | 4:30 PM | 8:00 PM | **Gnanvidhi** | |
| 8-Jul | Wed | 10:30 AM | 12:00 PM | **Experiences with Niruma** | |
| 10-Jul | Fri | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | **(Somerset, NJ)** DoubleTree by Hilton Somerset 200 Atrium Dr Somerset, NJ 08873 |
| 10-Jul | Fri | 7:00 PM | 9:00 PM | **Satsang** | |
| 11-Jul | Sat | 10:30 AM | 12:00 PM | **Aptaputra Satsang** | |
| 11-Jul | Sat | 4:00 PM | 7:30 PM | **Gnanvidhi** | |
| 17-Jul | Fri | 7:00 PM | 9:00 PM | **Satsang** | **(Toronto, Canada)** Brampton Triveni Mandir 20 Daviselm Drive Brampton, ON L6X 0E6 |
| 18-Jul | Sat | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 18-Jul | Sat | 4:30 PM | 8:00 PM | **Gnanvidhi** | |
| 23-Jul | Thu | 6:00 PM | 7:30 PM | **Satsang** | **(Atlanta, GA)** Shakti Mandir 1450 Huie Road Lake City, GA 30260 |
| 24-Jul | Fri | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 24-Jul | Fri | 5:30 PM | 9:00 PM | **Gnanvidhi** | |
| 28-Jul | Tue | 10:30 AM | 12:30 PM | **Satsang** | **Gurupurnima (Jacksonville, FL)** Hyatt Regency Jacksonville Riverfront 225 E Coastline Dr Jacksonville, FL 32202 |
| 28-Jul | Tue | 5:00 PM | 7:00 PM | **Satsang** | |
| 29-Jul | Wed | 8:00 AM | 9:30 AM | **Guru Pujan, Aarti, GP message** | |
| 29-Jul | Wed | 10:00 AM | 12:30 PM | **Gurupurnima Darshan** | |
| 29-Jul | Wed | 4:30 PM | 7:00 PM | **Gurupurnima Darshan** | |
| 29-Jul | Wed | 9:00 PM | 10:00 PM | **Live Bhakti** | |
| 30-Jul | Thu | 10:30 AM | 12:00 PM | **Aptaputra Satsang** | |
| 30-Jul | Thu | 5:00 PM | 7:00 PM | **Satsang** | |
| 31-Jul | Fri | 10:00 AM | 12:30 PM | **Pran Pratishtha of Small Idols of Simandhar Swami** | |
| 31-Jul | Fri | 5:00 PM | 7:00 PM | **Satsang** | |
| 1-Aug | Sat | 10:00 AM | 12:30 PM | **Satsang** | |
| 1-Aug | Sat | 4:30 PM | 7:30 PM | **Gnanvidhi** | |
| 2-Aug | Sun | 10:30 AM | 12:00 PM | **Satsang** | |
| 6-Aug | Thu | 7:00 PM | 9:00 PM | **Satsang** | **(Dallas, Texas)** Four Points by Sheraton Dallas Fort Worth Airport North 1580 Point W Blvd Coppell, TX 75019 |
| 7-Aug | Fri | 10:30 AM | 12:00 PM | **Aptaputra Satsang** | |
| 7-Aug | Fri | 6:30 PM | 10:00 PM | **Gnanvidhi** | |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના અડાલજમાં આગામી સત્સંગ કાર્યક્રમો

**૨૩ ઓગષ્ટ** (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

**૪ સપ્ટેમ્બર** (શુક્ર) રાત્રે ૯-૩૦ થી ૧૨-૧૫ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૫-૬ સપ્ટેમ્બર** (શનિ-રવિ) - **પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ (ગુરુ પૂર્ણિમા દર્શન - બહારગામના મહાત્માઓ માટે)**

**૮ થી ૧૫ સપ્ટેમ્બર** (મંગળ થી મંગળ) - **આપ્તવાણી ૧૪ ભાગ-૫** ગ્રંથ પર **પર્યુષણ પારાયણ**

## માંડવી : આપ્તસંકુલ ભાઈઓની રિટ્રીટ : તા.૧૦-૧૧ જૂન ૨૦૨૬














## માંડવી : આપ્તસંકુલ બહેનોની રિટ્રીટ : તા.૧૨-૧૩ જૂન ૨૦૨૬





## ભૂજ : જ્ઞાનવિધિ : તા.૧૪ જૂન ૨૦૨૬



જુલાઈ ૨૦૨૬
વર્ષ-૩૧, અંક-૧૧
સળંગ અંક-૩૭૧

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## 'જ્ઞાની પુરુષ' કેવા હોય ?

શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું ? 'જ્ઞાની પુરુષ' કોણ ? જેમને કિંચિત્‌માત્ર કોઈ પણ પ્રકારની સ્પૃહા નથી, દુનિયામાં કોઈ પ્રકારની ભીખ જેને નથી, ઉપદેશ આપવાની યે જેને ભીખ નથી કે શિષ્યોની યે ભીખ નથી, કોઈને સુધારવાની યે ભીખ નથી, કોઈ પણ જાતનો ગર્વ નથી, ગારવતા નથી, પોતાપણું નથી એ. એ પોતાપણામાં બધું આવી જાય છે. આ 'અંબાલાલ મૂળજીભાઈ પટેલ' છે ને, એમણે પોતાનું આપાપણું છોડીને ભગવાનને જ સોંપી દીધું છે. તે ભગવાન એમનું બધું સંભાળી લે છે. એ પોતાપણું છે ત્યાં સુધી જ ભેદ છે અને ત્યાં સુધી જ ભગવાન છેટા છે. પોતાપણું છોડ્યું કે ભગવાન તમારી પાસે જ છે. પોતાપણું છોડ્યું તો ભગવાન જ ચલાવી લેશે તમારું.

**- દાદાશ્રી**

DBF - Adalaj

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.